ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૮ || અંક: ૭ || જુલાઈ ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૭

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ॥ શ્રદ્ધાંજલિ ॥




વલ્લભ વિદ્યાનગર તથા ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ અધ્યક્ષ **સ્વ.પૂ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ (ભાઈકાકા)ની જન્મજયંતિ નિમિત્તે** વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ **પૂ.ભાઈકાકાની પ્રતિમા તથા સમાધિએ** તા.૭/૦૬/૨૦૨૬ ને રવિવારના રોજ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ્મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) ઈન્દ્રજિત એન. પટેલ તથા ચારુતર વિદ્યામંડળ અને ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ભાઈકાકાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઈ-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૭
સળંગ અંક : ૬૫૭

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

कर्मण्येवाधिकारस्ते

**પ્રમુખ** — શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ
**ઉપપ્રમુખ** — શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ** — શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી** — ડૉ. એસ. જી. પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલ સ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળ સ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

ભાગ ભાગ ચોરટા કેટલેક જઈશ
વાણિયાનો માલ તું દાડા ખાઈશ...
મારો હેલો સાંભળો જી રે...
ગાય દલુ વાણિયો ને ભલી રાખી ટેક
રણુજા શહેરમાં વાણિયે પેરી લીધો ભેખ...
મારો હેલો સાંભળો જી રે...


|| પ્રાથમ્ય || બુદ્ધિ અને તર્ક ..........................૩
**સંકલન : એસ.જી.પટેલ**

|| વૈભવ અને વારસો || .................................૫
**પદ્ય-વિભાગ :** દલુ વાણિયો

|| નવાં કાવ્યો || ..........................................૬
**ભગીરથ બ્રહ્મભટ્ટ, રામુ પટેલ ડરણકર, પ્રીતમ લાખાણી, લાલજી શિયાળ**

|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** માંદા પડવાની સાધના.....................૭
**ગુણવંત શાહ**

|| લઘુકથા || ભાર.......................................૮
**મનસુખ સલ્લા**

|| બાળવાર્તા || સરસ મજાની વાત .....................૯
**દુર્ગેશ ઓઝા**

|| આસ્વાદ || શું છે ? (ગઝલ) કિશોર જિકાદરા ...૧૧
**ભાવેશ જેતપરિયા**

|| અભ્યાસલેખ || ગુજરાતનાં લોકવાદ્યો : પરંપરા અને પ્રસ્તુતિ.....................................................૧૩
**રાકેશ રાવત**

|| લઘુનવલ આસ્વાદ || 'આંધળી ગલી' : એકલતાના અંધકારથી આત્મ સ્વીકારના ઉજાસ સુધી ...............૧૬
**કિશન ચાવડા**

|| શૈક્ષણિક || શિક્ષણની નવી નીતિ-૨૦૨૦ અને તેના અમલની જરૂરિયાત......................................૧૮
**અશોક સોમપુરા**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૦
**આર. કે. માંડલિયા**

|| નવલિકા || મારું વિશ્વ (સાંપ્રત સમયની શકુંતલા)..૨૧
**ઋતુંભરા છાયા**

|| વ્યક્તિ વિશેષ || પ્રણય-ભાવસંવેદનાના કવિ મરીઝ..૨૪
**કુસુમબેન એમ. પરદેશી**

|| સાંપ્રત || ડોક્ટરલ ડિગ્રી કે ડિગ્રીનું ઉત્પાદન? શિક્ષણ જગત સામેનો મોટો પ્રશ્ન ..............................૨૭
**દર્શક કે. પરમાર**

|| વિદ્યાવૃત્ત || .............૮, ૧૨, ૧૯, ૨૩, ૨૯, ૩૦




ISSN 0976-9609

## ॥ પ્રાથમ્ય ॥

## બુદ્ધિ અને તર્ક

**સંકલન : એસ. જી. પટેલ**

આજના આધુનિક યુગમાં ઘણા લોકો પોતાની બુદ્ધિ અને તર્કનું ખોટું પ્રદર્શન કરવા માટે અવારનવાર આવા સવાલો પૂછતા હોય છે કે, ''ભગવાન છે ? અને જો હોય તો તમે તેને જોયા છે ?'' ખરેખર તો આવા નકારાત્મક સવાલો પૂછવા પાછળનું મુખ્ય કારણ એ છે કે, ભૌતિકવાદી દુનિયાની ભ્રામક વાતોમાં આવીને તેમનું બ્રેઈનવોશ (માનસિક પ્રભાવિત) થયેલું હોય છે, જેના લીધે તેઓ અજાણતા જ લોકોની પવિત્ર આસ્થાને તોડવાનું પાપ કરે છે ! જેઓ ઈશ્વરે સર્જેલું તમામ ગ્રહણ તો કરે જ છે પણ સાથે આવા નિમ્નકક્ષાના સવાલો સાથે ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકાઓ કરતા રહેતા હોય છે!! ઈશ્વર સામે સવાલો ઉઠાવનારા આ લોકો એવું માની બેસે છે કે જે વસ્તુ આંખોથી ન દેખાય તેનું કોઈ અસ્તિત્વ જ નથી હોતું. પરંતુ તેઓ એ ભૂલી જાય છે કે માનવ બુદ્ધિની એક મર્યાદિત સીમા હોય છે, જ્યારે ઈશ્વરીય વ્યવસ્થા અસીમ છે. વિજ્ઞાન, તર્ક, દર્શનશાસ્ત્ર અને આધ્યાત્મિકતા આ બધા જ માધ્યમો દ્વારા માણસે હંમેશાં આ રહસ્યના મૂળ સુધી પહોંચવા માટેના અગણિત પ્રયાસો કર્યા છે. સૃષ્ટિનું બારીકાઈથી અવલોકન કરતાં આ આસ્થા તોડનારાઓનો તર્ક સાવ અધૂરો સાબિત થાય છે. પ્રયોગશાળાના માપદંડો કદાચ ઈશ્વરને કોઈ ભૌતિક આકારમાં ન બાંધી શકે, પરંતુ બ્રહ્માંડની અદ્‌ભુત વ્યવસ્થા અને ગાણિતિક ચોકસાઈ એક સર્વોચ્ચ શક્તિ તરફ સ્પષ્ટ ઈશારો કરે છે! જ્યારે આપણે રાત્રિના સમયે આકાશ તરફ નજર કરીએ છીએ ત્યારે અનંત અંતરિક્ષમાં અબજો તારામંડળો અને ગ્રહો કોઈ પણ જાતના અકસ્માત વિના પોતપોતાની કક્ષામાં સતત ઘૂમી રહ્યા છે. આપણી પૃથ્વી સૂર્યથી બરાબર એટલા જ ચોક્કસ અંતરે ગોઠવાયેલી છે જેટલી અંતરે સૃષ્ટિ પર જીવન ધબકતું રહી શકે. જો પૃથ્વી સૂર્યની સહેજ પણ નજીક હોત તો સમગ્ર જીવસૃષ્ટિ ગરમીથી બળીને ખાખ થઈ ગઈ હોત, અને જો સહેજ પણ દૂર હોત તો બધું જ બરફ બનીને થીજી ગયું હોત ! આટલું પર્ફેક્ટ અને અદ્‌ભુત સંતુલન આપમેળે કે કોઈ અકસ્માતથી સર્જાઈ શકે ખરું ? કોઈ પણ મોટો વ્યવસ્થિત પ્રોગ્રામ ક્યારેય સુપર કમ્પ્યૂટર અને પ્રોગ્રામર વગર બની શકતો નથી. તો આ આખા બ્રહ્માંડનું આટલું વિશાળ નેટવર્ક કોઈ ''સુપર ઇન્ટેલિજન્સ'' કે સર્વોચ્ચ પ્રોગ્રામર વગર કેવી રીતે ચાલી શકે ? પૃથ્વી પર નજર કરીએ તો પ્રકૃતિના નિયમો પણ એટલા જ અદ્‌ભુત અને વિચારવા લાયક છે. સમયસર પવનનું ફૂંકાવું, સમુદ્રમાં આવતી ભરતી-ઓટ, નિયમિત ઋતુચક્ર અને પાણીનું બાષ્પીભવન થઈને ફરી વરસાદ રૂપે ધરતી પર વરસવું એ આખી સૃષ્ટિને જીવંત રાખવાનું કામ કરે છે. એક કાળા અને નિર્જીવ જેવા દેખાતા માટીના કણમાં જ્યારે નાનકડું બીજ વાવવામાં આવે છે, ત્યારે તેમાંથી કલરવ કરતાં ફૂલો, મીઠા ફળો અને વિશાળ વટવૃક્ષનું નિર્માણ થાય છે! માટી એક જ છે, છતાં તેમાંથી ઊગતા લીમડામાં કડવાશ, આંબામાં મીઠાશ અને ગુલાબમાં અદ્‌ભુત સુગંધ ક્યાંથી આવે છે ? આ કોઈ સામાન્ય પ્રક્રિયા નથી, પરંતુ પ્રકૃતિના કણ-કણમાં વ્યાપેલી એ પરમ ચેતનાનો જ જીવતો જાગતો પુરાવો છે જેને દુનિયા ''ભગવાન'' કહે છે. આપણે આપણા પોતાના માનવ શરીરના વિજ્ઞાનને જોઈએ તો આશ્ચર્યચકિત થઈ જવાય તેવું અદ્‌ભુત એન્જિનિયરિંગ જોવા મળે છે. આપણા શરીરમાં અબજો કોષો આવેલા છે અને આપણું હૃદય દિવસ-રાત આપણી કોઈ પણ સભાન મહેનત વિના આપમેળે ધબકતું રહે છે. મગજની ન્યુરોન સિસ્ટમ સેકન્ડના લાખમા ભાગમાં આખા શરીરને સંદેશા પહોંચાડે છે અને

આપણી પાચનક્રિયા એટલી જટિલ હોવા છતાં આપમેળે કામ કરે છે. પૃથ્વી પરના તમામ મહાન વિજ્ઞાનીઓ ભેગા મળીને પણ લેબોરેટરીમાં કુદરતી લોહીનું એક ટીપું કે એક જીવતો કોષ આપમેળે બનાવી શકતા નથી ! જે ક્ષણે બાળકની ઉત્પત્તિ થાય છે અને માતાના ગર્ભમાં એક નવો જીવ આકાર લે છે, તે પ્રક્રિયા પાછળનું ગણિત વિજ્ઞાનની તમામ સરહદોની પેલે પાર છે. ટૂંકમાં, જ્યાં વિજ્ઞાન અટકે છે ત્યાંથી જ ઈશ્વરીય કળાની શરૂઆત થાય છે. તર્કની દૃષ્ટિએ પણ જોઈએ તો દુનિયામાં એવી ઘણી બાબતો છે જે અદૃશ્ય હોવા છતાં તેનું અસ્તિત્વ આપણે સહર્ષ સ્વીકારીએ જ છીએ. ઉદાહરણ તરીકે, પવન આપણને ક્યારેય નજરે નથી પડતો પણ જ્યારે પાંદડાં હલે છે ત્યારે આપણે તેના સ્પર્શ અને હાજરીનો અહેસાસ કરીએ છીએ.

માણસના મનમાં ઉઠતા વિચારો, પ્રેમ, કરુણા કે ગુસ્સો કોઈ લેબોરેટરીના એક્સ-રેમાં દેખાતા નથી, છતાં તેનું અસ્તિત્વ દુનિયાનો કોઈ માણસ નકારી શકતો નથી. એવી જ રીતે આપણા સ્માર્ટફોનમાં આવતા વાઇફાઇ કે રેડિયો સિગ્નલો હવામાં એટલા બધા તરતા હોવા છતાં સાવ અદૃશ્ય છે, પણ સ્ક્રીન પર દેખાતો ડેટા તેની હાજરી સાબિત કરી દે છે. ઈશ્વર પણ આ સૃષ્ટિના કણ-કણમાં વ્યાપેલા એક એવા જ અદૃશ્ય ''દિવ્ય સિગ્નલ'' સમાન છે, જેને જોવા માટે આંખોની નહીં પણ શ્રદ્ધાના અંતઃકરણની જરૂર પડે છે. ઇતિહાસ અને ભૌતિક વિજ્ઞાનના પિતા ગણાતા મહાન વૈજ્ઞાનિકો જેવા કે આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને આઈઝેક ન્યૂટને પણ સ્વીકાર્યું હતું કે આટલી જટિલ પૃથ્વી પાછળ કોઈ અદ્ભુત શક્તિ ચોક્કસ છે. ન્યૂટને એકવાર પોતાના ટેબલ પર બ્રહ્માંડનું એક સુંદર રમકડા જેવું મોડેલ બનાવ્યું હતું, જે જોઈને તેમના નાસ્તિક મિત્રએ આશ્ચર્યથી પૂછ્યું, ''આ આટલું સરસ મોડેલ કોણે બનાવ્યું?'' ન્યૂટને બહુ હસીને જવાબ આપ્યો, ''આ તો બસ આપમેળે જ બની ગયું છે!'' મિત્ર ગુસ્સે થઈને બોલ્યો, ''તું મને મૂર્ખ બનાવે છે! આવું સરસ મોડેલ કોઈના બનાવ્યા વગર આપમેળે બને જ કેમ?'' ત્યારે ન્યૂટને બહુ શાંતિથી સમજાવ્યું, ''જો આ નાનકડું રમકડું કોઈના બનાવ્યા વગર ન બની શકે, તો આ આખું અસલી અને જીવંત બ્રહ્માંડ કોઈ સુપર પાવર વગર આપમેળે કેવી રીતે અસ્તિત્વમાં આવી શકે?'' ભગવાનને સાબિત કરવાનો સૌથી શ્રેષ્ઠ અને અંતિમ માર્ગ અનુભૂતિનો છે, કારણ કે તે કોઈ બુદ્ધિનો વિષય નથી પણ હૃદયનો વિષય છે. જ્યારે માણસ જિંદગીના સૌથી કપરા સમયમાંથી પસાર થતો હોય, ચારેય તરફથી આશાના કિરણો બંધ થઈ ગયા હોય અને વ્હાલા સંબંધો પણ સાથ છોડી દે ત્યારે પણ તેની અંદર એક અદૃશ્ય શક્તિ જીવતી હોય છે. એ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ હિંમત ન હારવી, મનમાં એક અડગ આશા જાગવી અને અંદરથી પરમ શાંતિનો અનુભવ થવો, એ જ ઈશ્વરનો આપણી સાથે હોવાનો સૌથી મોટો પુરાવો છે ! જેવી રીતે દૂધની અંદર ઘી છુપાયેલું હોય છે પણ તેને મેળવવા માટે દૂધને વલોવવું પડે છે, તેવી જ રીતે સૃષ્ટિના કણ-કણમાં ભગવાન હોવા છતાં તેને પામવા માટે પ્રેમ, પ્રાર્થના અને પવિત્ર ભાવનાથી મનને વલોવવું પડે છે. જે શક્તિ આપણને સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે અને નબળી ક્ષણોમાં તૂટતા બચાવે છે, તે જ પરમાત્મા છે અને તેનું અસ્તિત્વ સનાતન સત્ય છે.

સૌજન્ય : ''આવકાર'' સામાજિક મીડિયા

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com



ISSN 0976-9609

**।। વૈભવ-વારસો : પદ્ય વિભાગ ।।**

## હેલો

**દલુ વાણિયો**

મારો હેલો સાંભળો જી રે, રણુજાનાં રાય...
રણુજાનાં રાય, અજમલજીના બેટા, વીરમદેન વીરા
માતા મિણલદેનાં જાયા, નેતલદેના ભરથાર... મારો હેલો સાંભળો રે જી.
સુગના બેનનાં તિલક લેનાર, હંસલે કરો સ્વાર
હુકમ કરો તો પીર જાત્રાયું થાય... મારો હેલો સાંભળો રે જી
વાણિયો ને વાણિયણ જાત્રાએ જાય
માલ દેખીને ચોર વાસે થાય, મારો હેલો સાંભળો
ઊંચી ઊંચી વનરાયું ને નીચો હતો ઢોળ
બે હતા વાણિયા ને ત્રીજો ભળ્યો ચોર... મારો હેલો સાંભળો રે જી.
ઊંચા ઊંચા ડુંગરા ને વચમાં અવી ઝોળ,
મારી નાખ્યો વાણિયોને માલ લઈ ગયો ચોર... મારો હેલો સાંભળો રે જી.
ઊભી ઊભી અબલા કરે રે પોકાર
સોગઠે રમતા પીરને કાને ગયો અવાજ... મારો હેલો સાંભળો રે જી.
લીલુડો ઘોડલો ને હાથમાં છે તરકસ તીર
વાણિયાની વહારે ચડ્યા રામદેવ પીર... મારો હેલો સાંભળો
ઊઠ ઊઠ વાણિયણ ધડ માથું જોડ
ત્રણ ભુવનમાંથી ગોતી લાવું ચોર... મારો હેલો સાંભળો
આંખે કરું આંધળો ને ડીલે કાઢું કોઢ,
દુનિયા જાણે આ તો રામાપીરનો ચોર... મારો હેલો સાંભળો
ભાગ ભાગ ચોરટા કેટલેક જઈશ
વાણિયાનો માલ તું દાડા ખાઈશ... મારો હેલો સાંભળો
ગાય દલુ વાણિયો ને ભલી રાખી ટેક
રણુજા શહેરમાં વાણિયે પેરી લીધો ભેખ... મારો હેલો સાંભળો જી રે...

---

રામદેવપીર સાથે જોડાયેલ કથાત્મક ભજનો વિશેષ ગવાય છે. તેમાં લોકપ્રિય કથાત્મક ભજન 'મારો હેલો સાંભળો રે રણુંજાના રાય' છે. આ કથનાત્મક ભજન અરજરૂપે, પ્રાર્થના રૂપે ગવાયું છે તેમાં દલીચંદ નામનો વાણિયો પોતાની પત્ની સાથે રણુંજાની જાત્રાએ નીકળ્યો છે. રસ્તામાં અજાણ્યો વટેમાર્ગુ બની ચોર તેની પાછળ પડે છે. ઉજ્જડ વેરાન જગ્યા આવતાં ચોરે શેઠને મારી માલ લઈને ચાલ્યો ગયો. શેઠાણી અબળા રામદેવજીનું સ્મરણ કરી 'હેલો' ગાય છે. આ અરજ સાંભળી રામદેવજી ચોરને પકડી માલ પાછો આપી, વાણિયાને સજીવન કરે છે. આ કથાત્મક ભજન સૌથી લોકપ્રિય રહ્યું છે. તેનો હેલો કહે છે.

## ।। નવાં કાવ્યો ।।

### બાપ સદાને આવો

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

બાપ સદાને આવો.
અડધોપડધો સંસારી ને અડધોપડધો બાવો
માડી વેરે ચણ મમતાનાં, બાપ પળોટે પાંખો
માની ઓળખ આંસુ આપે, બાપ બને છે આંખો
સૌને દેતો દૂધ ને માખણ પોતે પીતો કાવો
બાપ સદાને આવો.
ધાન ધરાનાં મા ખવડાવે, બાપ બતાવે ચાંદો
ઘરની સામે ઊગતો સૂરજ, કદી ન પડતો માંદો
હાથ હંમેશાં ઊંચો એનો, નહિ દાનીનો દાવો
બાપ સદાને આવો
કાંટા કંકર વાળી ઝૂડી, કેડી કરતો ચોખ્ખી
જીવની સાથે જીવ ધબકતો, જીવન રીત અનોખી !
ડાળ પાન સૌ લીલાં રાખે મૂળનો એ જ પુરાવો
બાપ સદાને આવો
માડી મતલબ વ્હેણ નદીનાં, બાપ પીગળતો પ્હાડ
ખેતરનાં રખવાળાં કરતી, ફૂલ કાંટાળી વાડ
પાનખરે પણ ડાળી ભાળી લેતો હરદમ લ્હાવો
બાપ સદાને આવો.

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ બંગલો, મહાદેવ વિસ્તાર,
વલ્લભ વિદ્યાનગર, આણંદ, (મો) ૯૮૭૯૫૨૩૨૭૬

### એવું પણ બને !

**રામુ પટેલ ડરણકર**

કાલે અમારા ઘેર આવી ઈશ્વર પૂછે : એવું પણ બને !
માથા પર ફેરવી હાથ તમારાં આંસુ લૂછે એવું પણ બને.
વર્ષોની સાધના ફળે ને ઓ પણે સામે જ દેખાયે શિખર,
પગલું પગલું પૂછતાં પહોંચ્યા, છેવટ પગલું ચૂકે એવું પણ બને !
તમે હો મક્ક ને તમારા ઈરાદાઓ પણ મજબૂત હોય,
પ્હાડ વેજો પ્હાડ પગમાં આવી ઝૂકે એવું પણ બને !
સાવ ઉજ્જડ હોય માળો ને સળીઓ નિસાસા નાંખે,
કોઈ અજાણ્યું પંખી આવી એમાં ઈંડાં મૂકે એવું પણ બને !
તમે ઉછેરી, પાળી પોષી, રાખી આભ માથા ઉપર,
સાવ અચાનક અણધારી એ લાગણીઓ વસૂકે એવું પણ બને !

બી/૪, મનોરથ, સોલા રોડ, અમદાવાદ-૬૧, (મો) ૯૮૯૮૪૩૨૫૨૩

ગઝલ

### પ્રીતમ લખલાણી

બંધ હોઠો ખોલતા વરસો થયાં,
કેમ છો એ પૂછતાં વરસો થયાં.
કેટલાં વરસો પછી ભેગાં થયાં,
આસું આંખે લૂછતાં વરસો થયાં.
રોજ સાંજે હું ગઝલ લખતો રહ્યો,
શેર ગમતો આપતાં વરસો થયાં.
સાંભળે રોજે ગઝલ મારી ભલે,
દાદ એની પામતાં વરસો થયાં.
દોડતો કેવો જમાનો સાથમાં,
પ્રીત સાથે ચાલતાં વરસો થયાં.

65, Falcon drive,
West Henrieetta, NY 14586 (USA)

ગીત

### લાલજી શિયાળ

આમ આવો ના શમણામાં રોજ
મુને શમણાનો ભાર બોવ લાગે
અંધારી રાતડીએ આંખ્યુંના દેહમાં, તૂટેલા કાચ જેવા વાગે
હું તો એવું રે વૃક્ષ જેને વાસંતી
વાયરે વેદનાની કૂંપળો ફૂટી
મારા રૂંવે રૂંવેથી કાંઈ ધરબીને રાખેલી
વર્ષોની બૂમો વછૂટી તારાં હોવાનો આભાસ
એવો તે ડંખે કે માર્યો હો ડંખ કોઈ ઝેરીલા નાગે...આમ...
ઝંખે મિલન મારું આખુંયે હોવું હવે તો થાય હાશકારો
મારી રે છાતીમાં ઊગે છે
રોજ રોજ તારા આવ્યાનો ભણકારો
કોઈ આવતું જણાઈ ના દૂર દૂર
કીધું છે કાંગરે બેઠેલ ઓલ્યા કાગે...આમ આવો.

૧, જાનકી એપાર્ટમેન્ટ,
નૂતન ક્લબની બાજુમાં,વલ્લભ વિદ્યાનગર,
આણંદ, (મો) ૯૯૩૯૭૩૧૫૨૭



ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

### માંદા પડવાની સાધના

**ગુણવંત શાહ**

એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરતા. સેમ્યુઅલ બટલરે એક એવા આદર્શ સમાજની કલ્પના કરેલી, જેમાં માંદા પડનાર માણસને કેદની સજા થાય.

માણસો પોતાના જ શરીર સાથે નિર્દયતાપૂર્વક વર્તે છે. વર્ષો સુધી શરીર અપમાનિત થતું રહે છે. ખાટલામાં પડેલું જુવાન શરીર એ તો અપમાનો અસહ્ય બની ગયા પછી શરીર દ્વારા શરૂ થયેલો સવિનય કાનૂનભંગ છે. હૃદયરોગનો હુમલો કાંઈ મફતમાં નથી મળતો, એ માટે વરસો સુધી મથવું પડે છે; શરીરને પોટલું સમજીને કલાકો સુધી ઓફિસની ખુરશીમાં બેસાડી રાખવું પડે છે અને ગમે તે સમયે, ગમે તેવું અને ગમે તેટલું ખાવું પડે છે. રોગ થાય તે માટે સુખી લોકો જે સાધના કરે તેને બેઠાડુપણું કહેવામાં આવે છે. આવા સાધકોની સંખ્યા આપણા દેશમાં ઓછી નથી.

હૉસ્પિટલની શોભા વધારવા શું થઈ શકે ? ઘણાખરા ખાટલા ખાલી પડ્યા રહે, એ જ તો હૉસ્પિટલની ખરી શોભા ગણાય. ઓ.પી.ડી.માં કીડિયારું ઊભરાય, એ તો સભ્ય ગણાતા સમાજની શરમ છે. અનાથ આશ્રમમાં બાળકોની અને ઘરડાંઘરમાં વૃદ્ધોની સંખ્યા વધે, એ કંઈ તંદુરસ્ત સમાજની નિશાની નથી.

ડૉક્ટરની તાવની ફરિયાદ કરનારા દર્દીઓને કાને આજકાલ બે શબ્દો અચૂક પડે છેઃ 'વાઈરલ ઈન્ફેક્શન.' ડૉક્ટરને કાંઈ જ ન સમજાય ત્યારે આ બે શબ્દો એની મદદે આવે છે. ડોક્ટરોનો એમાં વાંક નથી. જે દેશમાં જાહેર આરોગ્ય આટલું પાગળું હોય, ત્યાં ઢગલાબંધ વાસ્તવમાં જથ્થાબંધ મહામારી હોવાની જ.

'અરધી સદીની વાંચન યાત્રા' માંથી સાભાર.

**સારા સ્વાસ્થ્યને આપણે ખરીદી શકતા નથી પણ તેને વ્યાયામ, યોગ અને સંતુલિત આહાર દ્વારા પ્રાપ્ત કરી શકીએ છીએ.**

**ખુદને સ્વસ્થ્ય રાખવામાં આત્મનિયંત્રણનુ મહત્વપૂર્ણ યોગદાન છે.**

**એક સ્વસ્થ અને નિરોગી વ્યક્તિ ખૂબ જ અમીર હોય છે, કેમકે સારું સ્વાસ્થ્ય જ સૌથી મોટું ધન છે.**

**રોગો આપણા વિચારોથી થાય છે, ખાવા-પીવાથી નહિ.**

॥ લઘુકથા ॥

## ભાર

મનસુખ સલ્લા

પડખાં બદલવામાં જ લખુની અડધી રાત વીતી ગઈ. જાણ્યું કે કાનાએ પડખેના શેરમાં બાઈ રાખી છે. એનાથી લખુને કાંઈ કાંઈ થૈગ્યું. બાર વરહનો ઘરસંસાર. ટબા જેવા બે દીકરા. શું ખોટ હતી મારામાં ?

સામી મળે તો ટોટો જ પીસી નાખું... પણ આપણો આદમી લપસણો હોય તો કોઈ હું કરે ?

વળી થયું: 'મને, વા'લ તો કરે છ... તોય બીજી બાઈમાં મન વળગ્યું ? ... મન ઝખ મારી ગ્યું હશે, બીજું હું ?' લખુએ બે હાથ જોડ્યા: 'ભગવાન એને સદ્‌બુદ્ધિ આપજો.'

લખુએ ખાટલા નીચેથી લોટો ઉપાડી પાણી પીધું. પથારીમાં લંબાવતા વળી અને ઊથલો માર્યો, 'ઘડીના સુખ હારુ બચાડા જણે હવે બે ઘરનો ભાર ઉપાડવાનો થાહે.' એને કાના ઉપર દયા આવી ગઈ.

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ,
દેવાશિષ પાર્ક સામે, જજીસ બંગલો વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫, (મો) ૯૮૨૪૦૪૨૪૫૩,
Email:mansukhsalla@gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

## હોમ સાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલ

સી.વી.એમ સંચાલિત હોમ સાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલમાં ૧૨મા ઇન્ટરનેશનલ યોગ ડે ની ઉજવણી અંતર્ગત યોગાસેશનનું આયોજન તા.૨૨-૦૬-૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ યોગાસેશન નિષ્ણાત ખ્યાતિબેન રોહેલિયાના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયું. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક આસન અને પ્રાણાયામ કર્યા. આ કાર્યક્રમનું સંચાલન શાળાના સુકાની શ્રીમતી ડોલીબેન મોહેના માર્ગદર્શન હેઠળ શ્રી અનિલ કુમાર પ્રજાપતિએ કર્યું હતું. જેમાં શાળાના સારસ્વતગણનો સાથ સહકાર સાંભળ્યો હતો.

***યોગ એ માત્ર કસરત નથી, પરંતુ તે શરીર, મન અને આત્માનું મિલન છે.***

***તમારા શરીરને સ્વસ્થ રાખવું એ તમારી સૌથી મોટી જવાબદારી છે,
અને યોગ એ તેનો શ્રેષ્ઠ રસ્તો છે.***

***જેમ શરીર માટે ખોરાક જરૂરી છે, તેમ મન અને આત્મા માટે યોગ જરૂરી છે.***

 ISSN 0976-9609

## ॥ બાળવાર્તા ॥

## સરસ મજાની વાત

દુર્ગેશ ઓઝા

પોરબંદર શહેરથી થોડે દૂર એક ડુંગર. એનું નામ બરડો. ત્યાં એક જંગલ. ત્યાં બે ફળ બાજુબાજુમાં ઊગ્યાં હતાં. એકનું નામ ચીકુ ને બીજાનું નામ સંતરું. બેય પાકા મિત્રો હો ! એ બેય અલકમલકની વાતો કરી રહ્યાં હતાં. અચાનક ચીકુ ડોલતું ડોલતું બોલ્યું, 'સંતરા, તું મારા કરતાંય મીઠું ને મોટું.'

સંતરાએ એની સામે ધારી ધારીને જોયું ને પછી બોલ્યું, 'જા રે જા, તને આવું કોણે કીધું ? અરે સુંદર મજાના ચીકુ, તારું નામ છે ચચચ.. ચીકુ, તું મારાથી મોટું ને મીઠું. મેં તો એવું સાચે જ દીઠું.'

ચીકુ કહે, 'ઊહું ! ઊહું ! ખોટું ખોટું. હું નહીં, પણ તું વધુ મોટું.'

'ના. તું મોટું.'<br>
'ના. તું મોટું.'<br>
'તું વધુ મીઠું'<br>
'તું વધુ મીઠું.'<br>
'ના રે ના.'

'અરે હા રે હા !'..... ચીકુ ને સંતરું બેય પોતાની વાત પકડીને બેસી ગયાં. કોઈ વાતે ન માને. સંતરું કહે, 'એ ચીકલું, તું સાવ મીઠું. હું તો ખટમીઠું !'

ચીકુ બોલ્યું, 'પણ સંતરા, જે સાવ મીઠું હોય એના કરતાં જે ખાટુંમીઠું હોય એ વધુ મીઠું લાગે, એ બધાને વધુ ભાવે. એની પાસે ઘણાં બધાં આવે. ચાલો, બેયની મીઠાશ જુદીજુદી છે એટલે એ વાત છોડી દઈએ, પણ હું તારાથી મોટું ક્યાંથી ગણાઉં?! હું તો કદમાં તારાથી નાનું. બે, ત્રણ કે ચાર ચીકુ ભેગાં કરીએ ત્યારે એક સંતરા જેવા લાગે. તું મારાથી મોટું છે, છે ને છે, જો કહી દઉં છું તને.'

સંતરાએ ચીકુને સમજાવ્યું, 'અરે ચીકુ, હું એ રીતે મોટું નથી કહેતો. રૂપ કે કદ નહીં, પણ ગુણ જોવાય ગુણ, શું સમજ્યું ચીકુમીકુ ? તું નાનું, પણ કેટલું ઉપયોગી છે ! માણસ માંદો પડે તો ત્યારે એને ચીકુ ખવડાવવામાં આવે છે. તું પચવામાં હળવું. ચીકુ ખાવાથી કેન્સર જેવા રોગનું જોખમ ઘટે છે, કોઈ જાડોભમ હોય તો એનું વજન ઘટે, ખોરાક પચાવવાની શકિત વધે. તું રોગને ભગાડી મૂકે છે. જે જે માણસ ચીકુ ખાય, એનાં હાડકાં મજબૂત થાય, આવા તો તારા ઘણાબધા ફાયદા છે. હવે બોલ જોઉં, તું મોટું કે હું ?'

'વહાલા સંતુ, જાળવ જાળવ, જરા ખમ. મારી વાતમાં છે દમ. તેં મારા ફાયદા ગણાવ્યા એમ તારા ફાયદા પણ ગણાવું. તારી અંદર અનેક પૌષ્ટિક તત્ત્વો છે. જે ખાય સંતરા એની આંખોમાં ન થાય બળતરા, આંખ ઠરે, વાળ ન ખરે, એટલે માણસ આનંદથી ફરે, દષ્ટિ ને ચામડી સારી થાય, ખોટી ચરબી ન વધે, લોહી ચોખ્ખું થાય, લોહીનું દબાણ ન ખોટું વધે કે ન ઘટે, મારી જેમ એમ તું પણ કેન્સર ને પાચનશક્તિમાં ફાયદો કરે. આવા તો તારા અનેક ફાયદા છે, બોલ હવે તો માનીશ ને કે તું મારાથી મીઠું ને મોટું?' ચીકુએ આમ સમજાવ્યું તોય સંતરું ન માન્યું. 'ચીકુ, તું ગમે એ કહે, હું નહીં તું મોટું.' બેય પોતાની વાત પર અડગ. જોતજોતામાં અનેક પ્રાણીઓ ને પંખીઓ ત્યાં ભેગાં થઈ ગયાં.

ચીકુ કહે, 'એક કામ કરીએ. કોણ મોટું એ નક્કી કરવા આપણે જંગલના રાજા સિંહ પાસે જઈએ.' 'બેય ઝાડ પરથી પડયા હેઠાં ને દોડયાં દડબડ દડબડ, દડબડ દડબડ.' પેલાં પંખીઓ ને પ્રાણીઓ પણ ત્યાં જવા માંડયાં. એ બધાં સિંહ પાસે પહોંચ્યાં, પણ ત્યાં જઈને જોયું તો  સિંહ ને હાથી ત્યાં મગજમારી કરી રહ્યા હતા! હાથી કહે, એલા સિંહ, હું તારાથી મોટો. હું મહાત્મા ગાંધીના ધામ પોરબંદરથી મારી સૂંઢથી ઉલાળી તને દૂર ફેંકુ તો તું છેક ગાંધીધામ જઈને પડે. સિંહલા, તું પહોંચી જાય ગાંધીના ધામથી સીધો ગાંધીધામ શહેરમાં.'

સિંહે ગર્જના કરીને કહ્યું, 'જા જ હાથીડા, મારી શકિત અખૂટ, કર મા ખોટી માથાકૂટ. હું તારાથી મોટો. મને વનનો રાજા અમથો નથી કહેતા, શું સમજ્યો?'

હું તને જોરથી વળગી પડું તો તું ચોવીસ કલાક સુધી મારી પકડમાંથી છટકી જ ન શકે. સિંહ તો ગીત ગાવા લાગ્યો 'હાથીભાઈ તો જાડા, લાગે મોટા પાડા. એના પગલાં જ્યાં પડે ત્યાં પડી જાય મોટા ખાડા.' આ બધી માથાકૂટ ચાલતી હતી ત્યાં ચીકુ ને સંતરું બોલ્યાં, 'હે સિંહરાજા, પહેલાં અમારો ન્યાય કરો.'

સિંહ ઊભો થઈ ગયો. એ ગર્જ્યો, 'હા...ઉ. જરૂર, હું તો ન્યાય કરવા બેઠો જ છું.'

શિયાળને નવાઈ લાગી. 'અરે સિંહરાજા, તમે ક્યાં બેઠા છો!? તમે તો ઊભા છો, ઊભા થઈ ગયા!'

'અરે દોઢ ડાહ્યા શિયાળ, હું બેઠો જ છું એટલે ન્યાય કરવા તૈયાર જ હોઉં છું એમ મારું કહેવાનું છે! તું બેસ છાનુંમાનું. આ બેયની વાત શાંતિથી સાંભળવા દે.' સિંહ આમ બોલ્યો, પણ ચીકુ ને સંતરાએ પછી જે વાત કરી એ સાંભળી એ તો ઊંડા વિચારમાં પડી ગયો. ભૂલી ગયો એ હાથી સાથેની પોતાની ખટપટ, એણે પૂંછડી હલાવી પટપટ, પણ નક્કી ન કરી શક્યો ઝટપટ કે કોણ વધુ મીઠું ને મોટું!? એ બોલ્યો, 'તમે બેય ગજબ છો હો! મને તો એમ કે તમે પોતાને બીજા કરતાં મોટું ને મીઠું ગણતા હશો, ને એટલે ઝઘડતાં હશો, પણ આ તો ઊલટું, તમે તમારા કરતાં બીજાને મીઠા ને મોટા ગણો છો એ કેવી મજાની વાત! આ તો મીઠો ઝઘડો. જાવ, હું ન્યાય કરું છું. તમે બેય સરખા. બેય મોટાં.'

શિયાળ બોલી ઊઠ્યું, 'ઓ સિંહરાજા, બેય સરખાં ને મોટાં કેવી રીતે હોય?! કદ મુજબ જોવા જાવ તો તો સંતરું આ ચીકુ કરતાં મોટું જ છે ને!'

સિંહ હસીને બોલ્યો, 'વળી તું વચમાં બોલ્યું ડબકડોયા, કદ-બદ ગ્યું તેલ લેવા.'
સસલું કહે, 'રાજાજી, કયું તેલ? માથામાં નાખવાનું કે ખાવાનું?'

સિંહ ખડખડ હસી પડ્યો, 'અરે સસ્સારાણા, તેલ લેવા ગ્યું, એટલે એ વાત મૂકી દ્યો, એ વાતનું અહીં કોઈ કામ નથી એમ હું કહેવા માગું છું.' એણે ચીકુ અને સંતરાને પોતાનું માથું અડાડી શાબાશી આપી, 'વાહ! તમે બેય પોતાને મોટા નથી ગણતા, બીજાને મોટા ને મીઠા ગણો છો એ તો કેવી મજાની સારી વાત! આ મને બહુ ગમ્યું. મારે તમારી પાસેથી ઘણું સારું શીખવા જેવું છે' આમ કહી સિંહે પેલા હાથી સામે પ્રેમથી જોયું ને કહ્યું, 'અરે વહાલા હાથી. મારા સાથી, હું નહીં, તું છે મોટો. તું છે જાડો, પણ તારી બુદ્ધિ નથી જાડી. તું બુદ્ધિમાન છો.'

હાથી કહે, 'ના હો સિંહ, મારા દોસ્ત, તું તો સમજુ સાવજ. તું આ બરડા ડુંગરમાં ખાલી ત્રાડ નાખ તોય ભલભલાનો બરડો ભાંગી જાય.' હવે હાથી ગાવા માંડ્યો, 'ઓ રે ભલા ઓ સિંહરાજા, રહો તમે તાજામાજા, તમે બળવાન ને હિંમતવાન. રાજી રાખે તમને ભગવાન.' સિંહ કહે, હાથી, 'તું મારાથી મોટો ને બહાદુર.'

હાથી કહે, 'હું હતો ખોટો, તું છે મોટો.' હવે હાથી ને સિંહ પણ ચીકુ ને સંતરાની જેમ એકબીજાને પોતાનાથી મોટા કહેવા લાગ્યાં. ત્યાં જ બુલબુલ મીઠા સાદે બોલ્યું, સાંભળો સાંભળો બધાં. કોઈ નથી મોટું કે નાનું. બધાં છે સરખાં. તમે બધાં સારાં છો એ સૌથી મોટી વાત. આ વાત સાંભળી ચીકુ ને સંતરું, સિંહ ને હાથી એકબીજાને ભેટી પડ્યાં. તાળીઓનો થયો ગડગડાટ. બધાં પ્રાણીઓ, પંખીઓ ને જીવજંતુઓ હસી પડયા ખડખડાટ ને પછી ખુશ થતાં થતાં પોત-પોતાને ઘરે ગયાં. બાજુમાં રહેલાં વૃક્ષો પણ ખુશ થઈ ડોલવા માંડ્યાં : 'ઝર ઝર ઝર, તર તર તર, ઝર ઝર ઝર, તર તર તર.'

---

૧, જલારામનગર, નરસંગ ટેકરી,
ડૉ. ગઢવી સાહેબના મકાન પાછળ, પોરબંદર.
(મો) ૯૮૯૮૧૬૪૯૮૮/૯૪૨૬૧૬૪૯૮૮.
E-Mail:durgeshoza65gmail.com


ISSN 0976-9609

## ।। આસ્વાદ ।।

## શું છે ? (ગઝલ) કિશોર જિકાદરા

**આસ્વાદક : ભાવેશ જેતપરિયા**

ડૂમો શું છે, ક્રંદન શું છે, અંદર-અંદર બળવું શું છે,
અણધાર્યું આ પાંપણધારે અશ્રુનું તરવરવું શું છે?

થોડું ઝાઝું દુઃખ છે સૌને, સૌને સૌના પ્રશ્નો પણ છે,
બે ભીંતોનું એક ખૂણામાં ભેગાં થૈને રડવું શું છે?

કેવળ આ મનમેળ નથી કૈં, પ્રેમ હશે એ બંને વચ્ચે,
સૂરજનું સંધ્યાના ખોળે સાંજે સાંજે ઢળવું શું છે?

અર્થ વિનાની ચર્ચા જેવું, તકલાદી કો'સપના જેવું,
શું છે આખર ઝોબાવું ને મુડદાનું સળવળવું શું છે?

પૂછો, જેઓ ચિનગારીનો અર્થ ખરો જાણે છે તેને,
ના સળગેલી સગડી શું છે, કાયાનું થરથરવું શું છે?

કિશોર જિકાદરા...

આ ગઝલનો મિજાજ પ્રશ્નાર્થનો છે. પહેલી ગઝલ સપનાંની હતી, બીજી તો પડકારની હતી, ત્રીજી શું છે? ગઝલ આત્મમંથનની છે. દરેક શેર 'શું છે ?' પર પૂરો થાય છે. 'શું છે ?' એ માત્ર સવાલ નથી, એ વેદનાનું નામ છે. કવિ બહારના સમાજને નહીં, અંદરનાં મનને સવાલ કરે છે. બધા શેર એક જ ચિત્તદશામાંથી જન્મ્યા છે-અર્થ ખોળતી, પીડાને ઓળખવા મથતી ચિત્તદશા. અહીં આક્રોશ નથી, આક્રંદ છે. પડકાર નથી, પોકાર છે.

ડૂમો શું છે, ક્રંદન શું છે, અંદર-અંદર બળવું શું છે,
અણધાર્યું આ પાંપણધારે અશ્રુનું તરવરવું શું છે?

મત્લામાં જ કવિ દુઃખના પર્યાય ખોલીને બેસે છે. ડૂમો, ક્રંદન, અંદર-અંદર બળવું, અશ્રુનું તરવરવું. આ બધા શબ્દો એક જ વાતના ભિન્ન રૂપ છે. કવિ પૂછે છે કે આ બધું છે શું ? એટલે કે પીડાની વ્યાખ્યા શું ? અણધાર્યું અશ્રું તરવરે એ સ્થિતિ સૌએ અનુભવી છે. કારણ ખબર નથી પડતી, પણ આંખ ભીની થઈ જાય. કવિ એ કારણવિહીન આંસુને નામ આપવા મથે છે. શોક શ્લોકત્વ પામે છે. શેર વાંચતાં જ ભીતર ભીંજાય છે.

થોડું ઝાઝું દુઃખ છે સૌને, સૌને સૌના પ્રશ્નો પણ છે,
બે ભીંતોનું એક ખૂણામાં ભેગાં થૈને રડવું શું છે?

બીજા શેરમાં કવિ વ્યક્તિગત પીડામાંથી સાર્વત્રિક સત્ય તરફ જાય છે. દુઃખ તો સૌને છે. પ્રશ્નો પણ સૌને છે. તો પછી બે ભીંતો એક ખૂણામાં ભેગાં થઈને કેમ રડે ? ભીંતો એટલે મનુષ્યો. એક ઘરની બે ભીંતો. એક છત નીચે રહેતાં બે જણ. બહારથી મજબૂત દેખાય, પણ ખૂણામાં ભેગા થાય ત્યારે જ રડી શકે. સમાજમાં બધા હસતાં દેખાય છે, રડવું ખાનગી બની ગયું છે. આ શેરમાં એકલતાનું દર્શન છે. ભીડમાં પણ માણસ એકલો છે. બે જણ ભેગા થાય ત્યારે જ પીડા વહેંચાય. અહીં કવિ સંબંધોની ક્ષણભંગુરતા અને અનિવાર્યતા બંને એક સાથે બતાવે છે.

કેવળ આ મનમેળ નથી કૈં, પ્રેમ હશે એ બંને વચ્ચે,
સૂરજનું સંધ્યાના ખોળે સાંજેસાંજે ઢળવું શું છે ?

આ શેર ગઝલનો સૌથી સૂક્ષ્મ અને સુંદર શેર છે. સૂરજ અને સંધ્યા. રોજ સાંજે સૂરજ સંધ્યાના ખોળે ઢળે છે. આ કેવળ મનમેળ નથી, કોઈ કુદરતી ક્રિયા નથી. પ્રેમ હશે બંને વચ્ચે. કવિ પ્રકૃતિમાં પ્રેમ જુએ છે. ઢળવું એટલે ઝુકવું, સમર્પણ. સૌથી તેજસ્વી સૂરજ પણ સાંજે નમી પડે છે. કવિ પૂછે છે કે આ નમવું શું છે ? આ સમર્પણ શું છે ? અહીં દાર્શનિક ભાવ છે. પ્રેમ એટલે ઝુકવું. અહંકાર ઓગાળવો. સૂરજ જેવો સૂરજ પણ નમે છે, તો માણસની શી વિસાત ? શેરમાં વિરહની હળવી વેદના પણ છે, કારણ કે સૂરજ ઢળે એટલે અંધારું આવે.

અર્થ વિનાની ચર્ચા જેવું, તકલાદી કો' સપના જેવું,
શું છે આખર ઝોબાવું ને મુડદાનું સળવળવું શું છે ?

ચોથા શેરમાં વેદના પરાકાષ્ઠાએ પહોંચે છે. ઝોબાવું એટલે ઊંઘમાં બડબડવું, અસંબદ્ધ લવારો. કવિ કહે

છે કે આખરની અવસ્થા ઝોબાવા જેવી છે. અર્થ વિનાની ચર્ચા જેવી. તકલાદી સપનાં જેવી. અને મુડદાનું સળવળવું એ ચીતરી ચઢે એવું લાગે લગીર મો મચકોડવા જેવું લાગે છે. જીવ ગયા પછી શરીર હલે એ દશ્ય કંપાવી દે. કવિ જીવતેજીવ મરેલા માણસની વાત કરે છે. શરીર ચાલે છે, પણ આત્મા નથી. સમાજમાં ફરતા અનેક જીવતાં મુડદાંને કવિએ ઓળખી લીધાં છે. સળવળવું એ જીવનની નિશાની નથી, મરણની આખરી ચેષ્ટા છે. આ શેર વાંચીને ભાવક અંદરથી હચમચી જાય છે. અહીં ભાવ સંક્રમણથી તથ્યને આંબવાની વાત કાબિલેદાદ છે

પૂછો, જેઓ ચિનગારીનો અર્થ ખરો જાણે છે તેને,
ના સળગેલી સગડી શું છે, કાયાનું થરથરવું શું છે ?

મક્તામાં કવિ પીડાની પરીક્ષા કરનારને શોધે છે. ચિનગારીનો અર્થ જે જાણે છે એને પૂછો. જે પોતે બળ્યો છે, પીડામાંથી પસાર થયો છે, એ જ બીજાની પીડા સમજી શકે. (એક જ દે ચિનગારી.. હરિહર ભટ્ટ) ના સળગેલી સગડી શું છે ? સગડી હોય, કોલસા હોય, પણ ચિનગારી ન પડે તો એ રાખનો ઢગલો છે. એમ કાયા હોય, શ્વાસ ચાલતા હોય, પણ ભીતર ચિનગારી ન હોય તો શરીર થરથરે. થરથરવું એટલે ભયથી, ઠંડીથી, કે વિરહથી ધ્રૂજવું. જીવનમાં ઉષ્મા ન હોય તો કાયા થરથરે. અહીં કવિ કહે છે કે દેખાવથી જીવતા ન દેખાઓ, ભીતર સળગો છો કે નહીં એ અગત્યનું છે. ચિનગારી વિનાની સગડી અને ઉષ્મા વિનાની કાયા બંને નકામી છે.

પ્રસ્તુત ગઝલ પ્રશ્નની ગઝલ છે, પણ આક્ષેપની નહીં. કવિ ઉત્ખનનનો સંકેત કરે છે. દરેક શેર વેદનાના એક નવાં રૂપને નામ આપે છે. ડૂમો, ક્રંદન, અશ્રુ, ખૂણામાં રડવું, ઢળવું, ઝોબાવું, સળવળવું, થરથરવું. આ બધી ક્રિયાઓ ભેગી થઈને એક પૂરું ચિત્ર રચે છે. એ માણસનું ચિત્ર છે. ભાષા સાવ સાદી છે. કોઈ અઘરો શબ્દ નથી. પણ ભાવ એટલા ઊંડા છે કે શબ્દો વચ્ચેની જગ્યામાં પણ દર્દ વહે છે. ગઝલ લાગણીની સીધી અભિવ્યક્તિ છે.

કવિ ઠાવકાઈથી ઢંઢોળે છે એટલે ગઝલ વાંચ્યા પછી મન લગીર ઉદાસ થાય, પણ એ ઉદાસી નિર્મળ છે. (કેથારસીસ) કવિએ પોતાની પીડાને શબ્દ દીધા અને ભાવકની પીડાને ભાષા આપી છે. કવિ અહીં ફિલસૂફ મટીને હમદર્દ બને છે. અને કહે છે કે રડવું આવે તો રડી લો, પૂછવું હોય તો પૂછી લો. 'શું છે' નો જવાબ કદાચ ન મળે, પણ સવાલ પૂછવાથી ભાર હળવો થાય છે. (એને મારી ગઝલ ગમે છે એટલે મને એની ગઝલ ગમે છે, એમ નહીં) આ ગઝલ સળંગ સુંદર છે એટલે ગમે છે.

## ।। વિદ્યાવૃત્ત ।।

**આઈસ્ટાર કૉલેજમાં એનએસએસ અને ઈકો ક્લબ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી :** સૃષ્ટિની જાળવણી અને જતન માટે વિશ્વભરમાં દર વર્ષે પાંચ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાય છે. જેના ભાગરૂપે તાજેતરમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કૉલેજ ખાતે એનએસએસ અને ઇકો ક્લબના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જે દરમ્યાન આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્રસિંહ રાજ તેમજ સંસ્થાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ વિવિધ પ્રકારનાં વૃક્ષો જેવા કે લીમડો, પીપળો, ગુલમહોર, બોરસલ્લી, કણજી, કાંચનાર, ફણસ, આસોપાલવ, સિરસ, સેવન અને બીલી જેવા પર્યાવરણલક્ષી વૃક્ષો વાવ્યા હતા. ઉપરોક્ત અભિયાનના ભાગરૂપે આઈસ્ટાર સંસ્થા દ્વારા આ અભિગમને આગળ ધપાવવા લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે હાકલ કરી હતી. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્રસિંહ રાજ દ્વારા એનએસએસ અને ઇકો ક્લબની ટીમના સભ્યો તથા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.


ISSN 0976-9609

|| અભ્યાસલેખ ||

## ગુજરાતનાં લોકવાદ્યોઃ પરંપરા અને પ્રસ્તુતિ

**રાકેશ રાવત**

ભારતીય સંગીત અને વાદ્યોનો પ્રારંભિક માર્ગ વૈદિકકાળ સુધી જાય છે. આજે જે ચાર પ્રકારના વાદ્યો જાણીતા છે તેનો ઉલ્લેખ ઋગ્વેદમાં જોવા મળે છે. આપણા પ્રાચીન સંગીત શાસ્ત્રના ગ્રંથોમાં તંતુ, સુષિર, અવનદ્ધ અને ઘન એમ ચાર પ્રકારના વાદ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

લોકસંગીત લોકોના સમસ્ત જીવન વ્યવહાર-માંથી જ વણાયું. વહેલી સવારનાં પ્રભાતિયાથી માંડીને ભાંગતી રાતના ભજનો સુધી અને બાળજન્મના હાલરડાંથી માંડીને મૃત્યુ બાદ ગવાતા મરશિયા અને રાજિયા સુધી લોકોએ સંગીતનો સેતુ બાંધી દીધો છે.

આપણા લોકસંગીતની પણ અનેક લાક્ષણિકતાઓ છે. લોકસંગીતમાં જે વિકાસ જોવા મળ્યો છે તે પ્રાચીન સમયની જેમ આજે પણ તે જ સ્થિતિમાં અકબંધ છે. લોકસંગીતમાં રાગ, તાલ, વાદ્યનો ઉપયોગ ભાવ પ્રમાણે કરવામાં આવે છે. ઢોલ, શરણાઈ, બંસી, પાવો, ઘંટ, માદળ, પાવરી વગેરે જેવાં લોકવાદ્યો લોકસંગીતની સુંદરતામાં વધારો કરે છે.

સંગીતશાસ્ત્રમાં સ્વાતિ મુનિને વાદ્યોના સર્જક માનવામાં આવે છે. સામવેદને સંગીતની ગંગોત્રી ગણવામાં આવે છે. વ્રજભાષાના બહુ જાણીતા ગ્રંથ 'પ્રવીણસાગર'માં આ ૩૬ વાજિંત્રોની યાદી આપી છે. સંગીત શાસ્ત્ર વિશે ચતુર પ્રામાણિક સામગ્રી આપનાર ગ્રંથ 'ભરતનાટ્યશાસ્ત્ર' છે. આ ઉપરાંત 'ઢોલસાગર' નામનો પુરાણો ગંથ મળી આવ્યો છે. એમાં આપણા બહુ જાણીતા અને લોકપ્રિય લોકવાદ્ય, જોડણી, ઉત્પત્તિ, એના વિવિધ અંગોના દેવતાઓ, ઢોલનું સ્થાન, મહત્ત્વ, પ્રસંગ પ્રમાણેના તાલ અને ઢોલવાદનમાં જુદી જુદી આંગળીઓથી નીકળતા જુદા જુદા સ્વરો બાબત બહુ ઝીણવટથી માહિતી આપવામાં આવી છે. પ્રાચીનકાળથી ભારતમાં વિવિધ વાદ્યોનો ઉપયોગ થતો આવ્યો છે. આ વાદ્યોની બનાવટ, તેની સંરચના, સામાજિક-ધાર્મિક પ્રસંગોમાં તેની પ્રસ્તુતિ તેમજ વાદ્યો બનાવનાર અને તેને વગાડનારની સાથે સાથે સાંપ્રત સમયમાં વાદ્યોનાં જતન, સંરક્ષણ અને સંવર્ધન અંગે સંશોધનાત્મક કાર્ય થવું જોઈએ.

**ગુજરાતનાં લોકવાદ્યો :** ગુજરાતનાં લોકવાદ્યોનો પરિચય મેળવવા માટે તલોકવાદ્ય સંજ્ઞા અને વિભાવના તપાસી, ઉદ્ભવ, વિકાસ અંગે ચર્ચા કરીને વિવિધ લોકવાદ્યના પ્રકારો અને તેનું વર્ગીકરણ કરી ગુજરાતનાં વિવિધ પ્રદેશ પ્રમાણે લોકવાદ્યોનો પરિચય કેળવી શકાય. લોકવાદ્યોને મુખ્યત્વે ચાર ભાગમાં વહેંચવામાં આવે છે. જેનું વર્ગીકરણ નીચે મુજબ છે :

**તંતુ વાદ્યો :** જે વાદ્યમાં તાર, દોરી અથવા તાંતણા વડે સૂર ઉત્પન્ન થાય છે તેને તંતુ વાદ્ય કહેવામાં આવે છે. જેમ કે - એકતારો, રાવણહથ્થો, જંતર, સુરંદો.

**સુષિર વાદ્યો :** જે વાદ્યોમાં ફૂંક અથવા હવા દ્વારા ધ્વનિ ઉત્પન્ન થાય છે તેને સુષિર વાદ્યો કહેવામાં આવે છે. જેમ કે - 'પાવો', 'બુંગલ', 'તડિયું', 'રણસિંગો' અને 'વેણુ'.

**અવનદ્ધ વાદ્યો :** જે વાદ્યોને ચામડાથી મઢવામાં આવે છે અને તેના પર આઘાત દ્વારા ધ્વનિ ઉત્પન્ન થાય છે તેને અવનદ્ધ વાદ્યો કહેવામાં આવે છે. જેમ કે - 'ઢોલ', 'નગારું', 'મૃદંગ', 'ડમરુ' વગેરે.

**ઘન વાદ્યો :** લાકડું, કાચ, ધાતુ વગેરે જેવા નક્કર સામગ્રીમાંથી બનેલા વાદ્યોને ઘન વાદ્યો કહેવામાં આવે છે. આ વાદ્યમાં આઘાત કે ઘર્ષણ આપીને સૂર ઉત્પન્ન થાય છે. જેમ કે - 'કરતાલ', 'મંજીરા', 'માણ', 'ઘૂઘરા', 'થાલી' વગેરે.

લોકવાદ્ય સાથે સંલગ્ન લોકસંગીતના ઑડિયો-વીડિયો રેકોર્ડિંગ કરી આવનારી પેઢીઓ માટે તેનું સંરક્ષિત કરી આપણા સાંસ્કૃતિક વરસા અંગે જન-સમુદાયમાં વ્યાપક જાગૃતિ લાવી તેનાં મહત્ત્વ અને

પ્રસ્તુતતા અંગે સંશોધન કાર્ય માટેના પ્રયત્નો થવા જોઈએ.

★ લોકકલાકારો પાસેથી લોકવાદ્યો વિશેની માહિતી મેળવવી, જેમાં તેના નિર્માણ, સામગ્રી, તાલ અને તેની સંરચનાગત લાક્ષણિકતાઓનો પરિચય પ્રાપ્ત કરવો જોઈએ.
★ વિવિધ સમુદાયોમાંથી ઉદ્ભવતા લોકસંગીતમાં સમાનતાઓ અને તફાવતોની પણ ચર્ચા થવી જોઈએ.
★ ભવિષ્યની પેઢીઓ માટે રાગ, તાલ અને ધ્વનિ દશ્યોનું દસ્તાવેજીકરણ કરીને લોકસંગીતને લુપ્ત થતું અટકાવી શકાય.
★ લોકસંગીત સાથે સંકળાયેલ વિવિધ વાદ્યો વિવિધ સામાજિક-સાંસ્કૃતિક પ્રસંગો સાથે સંકળાયેલ છે તેની ગઈકાલ, આજ અને આવતી કાલ કેવી હશે તે અંગે વ્યાપક અભ્યાસ કરવો.

લોકવાદ્યોના સંશોધન માટે, ગુજરાતના વિવિધ પ્રદેશોમાં દરમિયાન લોકવાદ્યો અને તેના કસબીઓનું ઑડિયો-વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવે તો તેની બનાવટ પ્રમાણે લોકવાદ્યોનું વર્ગીકરણ, તેની સાથે સંકળાયેલ સંરચનાગત સામગ્રી અને બનાવટનું દસ્તાવેજીકરણ કરી લોકવાદ્યો અંગે અભ્યાસ કરવામાં આવશે. આ માટે ફિલ્ડવર્ક કરી વાદ્યો અને તેના કસબીઓની મુલાકાતો કરી તેમજ આપણાં ગ્રંથોમાં લોકવાદ્યો વિષે ઉપલબ્ધ માહિતી સાથે તુલના કરી તેનું સામાજિક, સાંસ્કૃતિક સંદર્ભમાં સંશોધન કરવામાં આવે.

**લોકવાદ્યો કસબ અને કારીગરી :** લોકવાદ્યો એ જે તે પ્રદેશ અને સમાજ સાથે સબંધ ધરાવે છે. મોટા ભાગે તો તેને વગાડનાર જ તેની બનાવટ કરતાં હોય છે. ક્યાંક અપવાદ રૂપે અન્ય વ્યક્તિ માત્ર તેની બનાવટ કરે પરંતુ તેનું વાદન કરતાં હોતાં નથી. વાદ્યોને સંગીતનું આભૂષણ માનવામાં આવે છે. લોકવાદ્યોનો અવાજ જેટલો આપણને આકર્ષે છે એટલી જ એની બનાવટની સરળતા, સાદગી અને કલાપૂર્ણતા આપણું ધ્યાન ખેંચે છે. પ્રકૃતિએ આપેલા વાંસ, માટી, નેતર, બિયાનું લાકડું, વાંસની સોટી, લાકડાની દાંડી, મીણ, વાંસની ચીપો, તુમડાં, ઘોડાના પૂંછડાના વાળ, જાનવરોના આંતરડાની તાંત, ચામડું, નાગરમોથના રેસા, રેશમની દોરી, નારિયેળની કાચલી વગેરે ઉત્પાદનોનો લઈને લોકજાતિના કલાકાર-કસબીઓએ જાતજાતનાં અને ભાતભાતનાં લોકવાદ્યોનું સર્જન કર્યું છે.

લોક સમુદાય અને વિશેષતયા લોક કલાકારો વાદ્યોને દૈવી, અતિ પવિત્ર માને છે. આવા વાજિંત્રો બનાવતી વખતે કારીગર શુભ ચોઘડિયું, ઉત્તમ વાર નક્કી કરે છે અને પછી જ તે બનાવવાનો પ્રારંભ કરે છે. વાજિત્રોનું નિર્માણ ચાલતું હોય તેટલો સમય તે બનાવનારે બ્રહ્મચર્ય વ્રત પાડવું પડે છે. વાજિંત્રો પર કોઈ અશુભ ઓછાયો ન પડે તેની કાળજી રાખવી પડે છે જ્યારે વાજિંત્રો તૈયાર થાય છે ત્યારે તેને દેવની પાસે રજૂ કરવું પડે છે એટલું જ નહીં પણ જ્યારે-જ્યારે તે વાદ્યને રજૂ કરવાનો હોય ત્યારે દેવ સમક્ષ મંજૂરી પણ માંગે છે. જેમકે ઢોલી જ્યારે કોઈ પ્રસંગે ઢોલ વગાડવા નીકળે ત્યારે તે પોતાના દેવી-દેવતા સમક્ષ ઢોલ વગાડે છે એને 'ડણકો' પાડ્યો કહેવાય.

લોકવાદકો પોતાના વાજિંત્રોને પવિત્ર અને પૂજનીય માને છે. આથી વાજિંત્ર તૂટી જાય તો જ્યાં ત્યાં ફેંકી દેવાને બદલે વાવ, કૂવા કે નદીના પવિત્ર જળમાં એને પધરાવી દે છે.

**લોકવાદ્યો પરંપરા અને પ્રસ્તુતિ :** લોકવાદ્યો વિવિધ સામાજિક, ધાર્મિક કે સાંસ્કૃતિક પ્રસંગોમાં કેવી રીતે પ્રસ્તુત થાય છે તેમજ ક્યું વાદ્ય કયા સમયે અને કયા પ્રસંગ સાથે સંબંધ ધરાવે છે તેમજ તે પાછળ જવાબદાર પરિબળોનું અધ્યયન કરવું ખૂબ જ જરૂરી છે. વાદ્ય સાથે માનવ જીવનના માંગલિક અને દુઃખદ પ્રસંગો વણાયેલા છે. વાદ્યના મીઠા સૂર અને તીણા અવાજમાં હરખ અને આંસુ બેઉ છલકાય છે. સામાન્ય લાગતું એક વાદ્ય એક પ્રાદેશિકતાનો સાંસ્કૃતિક


ISSN 0976-9609

પરિચય સુપેરે આપે છે. વાદ્ય સાથે આપણા ગુજરાતના વિવિધ સીમાડાઓ અને સામાજિક પરંપરાઓને નોખી પાડી શકાય છે.

આજે પણ ઉત્તર ગુજરાતના વિવિધ ગામડાઓમાં લગન ટાણે જ્યારે ઢોલ વાગે ત્યારે એનું પ્રથમ ગાણું બહેનો ગાય છે.....

ભઈ ઢોલીડા તું મારો વીર...
આજ મારે ઢોલ વગાડે હો રાજ...

ઢોલ અને ઢોલીને હૈયાના ઉમળકાથી આવકારીને અવસર પાર પાડતા હોય છે. જેના આંગણે અવસર આદર્યો હોય તે તો ઢોલ અને ઢોલીને મહત્ત્વ આપે જ પરંતુ જેના આંગણે ઢોલ નથી ઢમક્યો છે એ પણ ઢોલને કંકુ ચાંદલા કરી ચોખલિયાથી વધાવે છે અને કહે છે કે હે ઢોલી! હવે ઝટ મારે આંગણે પણ મીઠા ઢોલ વગડાવજે.

વાદક માટે એનું વાદ્ય માત્ર સાધન નથી જીવતી જાગતી પરંપરા છે, જીવંત એવો પિતૃસંપર્ક છે એથી તો ભગવાનદાસ પટેલ આદિવાસી ભગત પાસે એનો તંબૂર માગે છે ત્યારે એની આંખ લાલચોળ થાય છે ને સ્વસ્થ થાય છે ત્યારે કારણ આપતા કહે છે 'આ બોલે છે તે કંઈ તંબૂરો નથી બોલતો, મારો મરેલો બાપ મારી સાથે બોલે છે!' એટલે એમ કહી શકાય કે વાદક માટે લોહીનો સંબંધ એ ફક્ત શરીર સાથે જ નહીં પણ વાજિંત્ર સાથે પણ એટલો જ જોડાયેલો છે.

સાંપ્રત સમયમાં બદલાતી જીવનશૈલીને કારણે ભારતીય પરંપરા પ્રમાણે સામાજિક પ્રસંગો ખૂબ ઓછા થયા છે. ડી.જે.ના ઘોઘાટિયા પ્રદૂષણમાં આપણાં લોકવાદ્યોઓના મીઠા સૂર વિસરાઈ ગયા છે એવા ટાણે સમગ્ર ગુજરાતમાં જ્યાં લોકસંગીત જીવીત રહ્યું છે તેના વાહકો પોતાનું વાદ્ય લઈને આપણા કહેણની રાહ જોઈ રહ્યા છે.

**લોકવાદ્ય ગઈકાલ, તેની આજ અને આવતી કાલ** : ગુજરાતનાં લોકસંગીતમાં લોકવાદ્યોની મહત્ત્વની ભૂમિકા રહી છે. ભૂતકાળમાં સારંગી, નાગફણી જેવાં એક સમયે પ્રચલિત વાદ્યો હતાં તે આજે ક્યાંય દેખાતાં નથી. તેની સાથે સંકળાયેલ તેના કલાકારો, કસબીઓ પણ રહ્યાં નથી. આજે જે વાદ્યો અસ્તિત્વમાં છે તે કદાચ આવતી કાલે ન પણ હોય. માટે આપણે જો આપણી લોકસંસ્કૃતિને બચાવવી હોય તો તેના કસબીઓને, તેની કલાને પ્રોત્સાહન આપવું જરૂરી છે. જો ગુજરાતના લોકવાદ્યો અંગે સંશોધનાત્મક અભિગમથી કાર્ય કરવામાં આવે તો લોકવાદ્યોનું સંવર્ધન અને સરંક્ષણ કરી શકાય તેમજ અનેક નવા તથ્યો પ્રાપ્ત થઈ શકે. આપણા ઘણા લોકગીતો આજે સંગીત વિના વિસરાઈ ગયા છે. રાવણહથ્થો, સારંગી વગાડનારા કલાકારો ભાગ્યે જ જોવા મળે છે. લોકવાદ્યોના આપણા આ વારસાને જીવંત રાખવા માટે વિવિધ સાહિત્યિક સંસ્થાઓ અને સરકારે પણ આ દિશામાં વિચારવું પડશે. લોકસાહિત્યના અભ્યાસુઓ આપણા લોકવાદ્યો વિશે વિસ્તારથી અભ્યાસ કરશે તો મારી પરિકલ્પના છે કે આવા સંશોધન લોકવાદ્યોના સર્જન, સંરક્ષણ અને સંવર્ધન માટે મહત્ત્વપૂર્ણ સાબિત થાય. ગઈ કાલ સુધી લોકસંગીત વિના માનવ હૈયા અધૂરા હતા તે આજે લોકસંગીતના એ સૂર વિસરી ચૂક્યા છે. લોકકલાકારોને-વાદકોને સમયાંતરે પ્રોત્સાહિત કરવા નવી પેઢી સમક્ષ આપણાં લોકવારસાને પ્રસ્તુત કરવો જેથી કરીને આપણા વિસરાતા લોકવાદ્યો ફરી જીવંત કરી શકાય

ગુજરાતના વિવિધ પ્રદેશો જેવા કે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં લોકવાદ્ય સંદર્ભે ક્ષેત્રકાર્ય હાથ ધરવામાં આવે. જેથી વિવિધ લોકવાદ્યોને ઓળખી શકાય અને સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભમાં તેનો અભ્યાસ કરી શકાય. સમયના પ્રવાહમાં લુપ્ત થતી સાંસ્કૃતિક વિરાસતનું સંરક્ષણ કરવા અને આ વારસાને ભવિષ્યની પેઢીઓ સુધી પહોંચાડી શકાય એવા પ્રયત્નો થવા જોઈએ,

---

આણંદ

## ।। લઘુનવલ આસ્વાદ ।।

## 'આંધળી ગલી' : એકલતાના અંધકારથી આત્મ-સ્વીકારના ઉજાસ સુધી

**કિશન ચાવડા**

ધીરુબહેન પટેલ (૨૯/૦૫/૧૯૨૬થી ૧૦/૦૩/૨૦૨૩) ગુજરાતી સાહિત્યનાં નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, અનુવાદક, બાળ સાહિત્યકાર, નિબંધકાર, કવયિત્રીના જન્મને હવે સો વર્ષ પૂર્ણ થવામાં છે. ભલે સદેહે તેઓ આપણી વચ્ચે હાજર નથી, પરંતુ તેમની જન્મ શતાબ્દી નિમિત્તે તેમનું સર્જન ફરી એકવાર જીવંત બન્યું છે, તેથી તેમને યાદ કરવાં જ રહ્યાં! પોતાની સાદી-સરળ તથા સુઘડ સાહિત્ય રચનાઓ દ્વારા પ્રત્યેક ગુજરાતી વાચકના હૃદયમાં તેમને એક આગવું સ્થાન મેળવ્યું છે. સાહિત્ય-સર્જનનો સમૃદ્ધ વારસો ધીરુબહેનને ગળથુંથી-માંથી જ સાંપડ્યો જ છે. તેમણે અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું, અંગ્રેજી વિષયના અધ્યાપિકા તરીકે થોડા વર્ષ અધ્યાપન કર્યું, આનંદ પબ્લિશર્સનું સંચાલન કર્યું, કલ્કિ પ્રકાશન શરૂ કરેલું તથા સુધા નામના સાપ્તાહિકનાં તંત્રીપદે પણ રહેલાં. ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તેમજ પ્રમુખના હોદ્દાઓ પણ તેમને સંભાળ્યા.

ધીરુબહેનને તેમના વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સર્જન બદલ અનેક પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. તેમાં, ૧૯૮૦નો રણજિતરામ સુવર્ણચંદ્રક, ક.મા. મુનશી સુવર્ણચંદ્રક, 'આગન્તુક' માટે વર્ષ ૨૦૦૧નો દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર તથા બાલસાહિત્ય પુરસ્કાર ૨૦૧૫, ગુજરાત સાહિત્ય અકાદમીનો ૨૦૦૨નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર, 'જાવલ' વાર્તાસંગ્રહ માટે ૨૦૦૦-૨૦૦૨નો ધૂમકેતુ નવલિકા પુરસ્કાર જેવા વિવિધ પુરસ્કારો મળી ચૂક્યા છે.

અત્રે, વાત પ્રસ્તુત છે, તેમની લઘુનવલ 'આંધળી ગલી'ની. આ લઘુનવલનું પ્રથમ પ્રકાશન ઈ.સ. ૧૯૮૩માં થયું છે. ધીરુબહેન પટેલની નવલકથાઓ અને લઘુનવલમાંથી પસાર થતાં પ્રતિત થાય છે કે, નવલકથા કરતાં લઘુનવલમાં તેમને વિશેષ સફળતા મળી છે. તેમની પાસેથી કુલ છ લઘુનવલ સાંપડે છે જેમાં વાંસનો અંકુર, એક ભલો માણસ, આંધળી ગલી, કાદંબરીની મા, હુતાશન અને અનુસંધાન વગેરે.

'આંધળી ગલી' લઘુનવલ નાના-નાના ત્રણ ખંડ અને ત્રેસઠ પૃષ્ઠમાં વિભાજિત છે. લઘુનવલના સ્વરૂપ વિશે ગુજરાતી સાહિત્યમાં એવો મત પ્રવર્તે છે કે, તેમાં કોઈ એક પાત્ર કેન્દ્રસ્થ હોય છે અને બીજા પાત્રો સહાયક-રૂપે હોય છે પરંતુ આ લઘુનવલમાં થોડાઘણા અંશે તેમ બનવા પામ્યું નથી. પ્રસ્તુત કથામાં મુખ્ય ત્રણ પાત્રો છે કુંદન, દંપતી પરેશ તથા શુભાંગી. અન્ય પાત્રોમાં કુંદનની કામવાળી બાઈ કાંતાબેન, મિ.પારેખ અને કુંદનના કાકા પૂનમભાઈ. પરંતુ ઘટના પ્રસંગો પ્રથમ ત્રણ પાત્રોની આસપાસ જ ઘટિત થયાં છે.

ધીરુબેન પટેલની લઘુનવલ 'આંધળી ગલી' માનવ મનોજગતના એવા વળાંકોને આલેખે છે જ્યાં સંબંધોની ગૂંચવણ અને એકલતાનો સન્નાટો એકાકાર થઈ જાય છે. વાર્તાના કેન્દ્રમાં કુંદન નામની એવી નાયિકા છે જેણે યુવાનીનો ઉંબરો વટાવી દીધો છે, પરંતુ એના હૃદયમાં હજુ પણ સાહચર્યની પેલી આદિમ ઝંખના અને સામાજિક માળખાની જિજ્ઞાસા અકબંધ છે. મુંબઈ જેવા મહાનગરની કાળઝાળ ગરમીના વર્ણન સાથે શરૂ થતી આ કથા માત્ર વાતાવરણની ઉષ્ણતાને જ નહીં, પણ એકલતાની ભઠ્ઠીમાં શેકાતા સ્ત્રીત્વને પણ રજૂ કરે છે. કુંદનનો ઉછેર એના વિધૂર પિતા રતિભાઈએ પરંપરાગત ઘરેડથી સાવ અલગ રીતે કર્યો છે. દીકરીને દીકરા સમાન ગણી તેને 'કુંદનલાલ' કહીને બોલાવવી અને બદલામાં પિતાને પણ નામથી સંબોધવા-આ કૃત્યમાં મૈત્રી તો દેખાય છે, પણ ક્યાંક કુંદનનું સ્ત્રીસહજ લાલિત્ય અને ઘરરખ્ખુપણું હોમાઈ ગયું છે. આ અનોખા ઉછેરે તેને વ્યવહારુ જગતથી અળગી કરી


ISSN 0976-9609

દીધી છે, જેના કારણે તે સ્ત્રીના રૂઢિગત કૌશલ્યોમાં પાછળ રહી ગઈ છે, છતાં તેની અંદર વહેતી લાગણીની સરવાણી તો અવિરત છે.

ભાડૂઆત તરીકે પરેશનું આગમન કુંદનની નિરસ જિંદગીમાં એક નવી બારી ખોલે છે. પરેશ અને તેની પત્ની શુભાંગીના સુખી દામ્પત્યને જોઈને કુંદનમાં જાગતી ઈર્ષા એ નકારાત્મકતા નથી, પણ પોતાની અધૂરપનો સ્વીકાર છે. તે આ દંપતીના સુખને જોઈને વિચારે છે કે શું લગ્નજીવનનું બંધન ખરેખર હિતકારી છે કે પછી પોતે ભોગવી રહી છે એ સ્વતંત્રતામાં છુપાયેલી એકલતા વધુ સારી છે ? આ સવાલ જ તેને પરિવર્તન તરફ દોરે છે. અચાનક તે ઘર સાફ કરવા લાગે છે, રંગીન વસ્ત્રો પહેરવા લાગે છે અને પોતે પણ કોઈના સાહચર્યમાં બંધાવા તૈયાર થાય છે. આ બદલાવમાં એક પ્રકારની કૃત્રિમતા છે, કારણ કે આ પ્રયાસ સહજ નથી પણ એકલતાથી છૂટવાનો એક આખરી મરણિયો પ્રયાસ છે. પરેશ તેની આ સ્થિતિ સમજીને તેના માટે એક પાત્ર પણ શોધે છે, પરંતુ કુંદન અહીં જ પોતાની ભીતરી ચેતનાનો પરિચય આપે છે. તે સ્પષ્ટ કરે છે કે કોઈના મોં સામે જોયા કરવું કે પરાણે વાતો સાંભળવી એ એને મંજૂર નથી. તે સંવેદન ઇચ્છે છે, પણ ગોઠવાયેલું કે કૃત્રિમ નહીં. તેના માટે સંબંધ એ સોદો નથી, પણ આત્માનો અવાજ છે.

કથાના વળાંક પર જ્યારે પિતાના ભૂતકાળનું રહસ્ય - બર્નાડીન જોન્સ સાથેનો તેમનો સંબંધ - બહાર આવે છે, ત્યારે કુંદનનું આખું વિશ્વ વિખેરાઈ જાય છે. પિતાએ દીકરી માટે લગ્ન ન કર્યા એ ત્યાગની મૂર્તિ પાછળ છુપાયેલી સત્યતા કુંદનને તોડી નાખે છે. તેને સમજાય છે કે જે પિતાને તે સર્વસ્વ માનતી હતી તેમને પણ તે ઓળખી શકી નથી. આ આઘાત તેને અંતર્મુખ બનાવે છે. સંબંધોની આ જટિલતા અને છેતરામણાપણા વચ્ચે તેને પોતાની એકલતા વધુ સુરક્ષિત અને પ્રામાણિક લાગે છે. તે રુદન કરવાને બદલે ફિક્કું હસીને પોતાના ભાગ્યને સ્વીકારી લે છે. વરલીનો ફ્લેટ પરેશ અને શુભાંગીને આપી દેવાનો તેનો નિર્ણય એ તેની ઉદારતા સાથેની વિરક્તિ પણ છે. તેને સમજાય છે કે તે બીજાના સુખને જોઈ શકશે પણ જીરવી શકશે નહીં, અને હવે તે કોઈને ઓળખવાની મથામણ કરવાને બદલે આ 'આંધળી ગલી'માં એકલી ચાલવાનું પસંદ કરે છે. એકલતાના અંધકારમાંથી પસાર થઈને તે અંતે આત્મસ્વીકારના ઉજાસમાં પહોંચે છે, જ્યાં તેને ભલે કોઈનો સધિયારો નથી, પણ પોતાની જાત સાથેની એક સાચી મુલાકાત છે. આ રીતે 'આંધળી ગલી' માત્ર એક સ્ત્રીની વ્યથા નથી, પણ માનવ સ્વભાવના ઊંડા રહસ્યોને ઉજાગર કરતી એક સક્ષમ મનોવૈજ્ઞાનિક સફર બની રહે છે.

અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
આણંદ, ૩૮૮૧૨૦

"The end-product of education should be a free creative man, who can battle against historical circumstances and adversities of nature."

***

"The main function of a university is not to grant degrees and diplomas but to develop the university spirit and advance learning. The former is impossible without corporate life, the latter without honours and post-graduate"

।। શૈક્ષણિક ।।

# શિક્ષણની નવી નીતિ-૨૦૨૦ અને તેના અમલની જરૂરિયાત

**અશોક સોમપુરા**

**પ્રસ્તાવના :**

ઘણા સમયથી ચાલી આવતી શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન લાવવા માટે આ નવી શિક્ષણનીતિ-૨૦૨૦, અમલમાં આવી. જેમાં શિક્ષણ વિકાસ માટે ઉપયોગી વાત થઈ. આ નીતિને સર્વત્ર આવકાર પણ મળ્યો. આ નીતિમાં યુવાનો માટે શિક્ષણ પદ્ધતિ અને તેમની વિવિધ પ્રકારની આવડત ઉપર જરૂરી અંગૂલી-નિર્દેષ પણ કરવામાં આવ્યો. દેશનો નાગરિક તેની વૈચારિક ભૂમિકામાં મજબૂત બને તે અંગેની વિવિધ વાતો આમાં થઈ. વંચિતો, ગરીબો પર વિશેષ ધ્યાન આપવાની વાત તેમજ સામાજિક સમાનતા અંગેની જરૂરી હિતકારી બાબતોનું સૂચન આ નીતિમાં કરવામાં આવ્યું.

**ભૂતકાળમાં થયેલ પ્રયાસો :**

હવે આપણે શિક્ષણ વિકાસની વાતોના ભૂતકાળ તરફ નજર કરીએ તો શિક્ષણની સુધારણા માટે ઘણાં કમિશનોની રચના થઈ. શિક્ષણ વિકાસમાં રસ ધરાવતા બુદ્ધિજીવીઓ અને ઉત્તમ શિક્ષણવિદો દ્વારા આપણને જે તે સમયની જરૂરિયાત મુજબ કમિશનો-પંચો આપણને મળ્યા. હંટર કમિશનના પાયામાં શૈક્ષણિક પદ્ધતિઓ અને તેની કાર્ય પદ્ધતિમાં જે જુદાપણું હતુ તે માટેના જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા. સેંડલર કમિશને પણ લક્ષ્ય વિનાના વધતા જતા શિક્ષણના કદ વિશે અજંપો વ્યક્ત કર્યો હતો. શિક્ષણ કે વિદ્યાર્થીના હિતનો પૂરતો વિચાર કર્યા વિનાના શિક્ષણમાં સંકળાયેલા સમૂહોની વાત આમાં થઈ હતી. ડૉ. રાધાકૃષ્ણન્ કમિશને શિક્ષણના ઘણા અગત્યના પાસાનો ઊંડાણે વિચાર કરી તેની સુધારણા માટે ઉપયોગી ભલામણો કરી હતી. તેમાં વહીવટી તેમજ નાણાંકીય આર્થિક બાબતો, વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ અને અધ્યનન કાર્ય સાથે સંકળાયેલાઓની ગુણવત્તાની વાતનો પણ સમાવેશ થયો હતો.

વળી મુદાલિયર કમિશને આપણને નિરાશા અપાવે તેવા શિક્ષણમાં પ્રવેશેલા વિકૃત અને અયોગ્ય તત્ત્વોની વાત કરી. તેમજ અભ્યાસક્રમોની ઉંડાણે ચર્ચા કરતા આ કમિશને અભ્યાસક્રમ અને જીવન સાથે સંબંધ ધરાવતી સાંકળને આપણી સમક્ષ મૂકી આપી.

વ્યક્તિ વિકાસની સાચી દિશા મળે તેવી વાત ઉપર કોઠારી કમિશને વધારે ભાર મૂક્યો. અભ્યાસક્રમમાં જરૂરી ફેરફારો, પાઠ્ય-પુસ્તકોમાં સમાવિષ્ટ વિગતોની બાબતોમાં પણ તેમના સૂચનો ધ્યાન માંગી લે તેવા રહ્યા હતા. આ ઉપરાંત બીજા ઘણા કમિશનો અને પંચોએ પણ શિક્ષણ વિકાસ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા.

**નવી શિક્ષણ નીતિ :**

હવે આપણે મૂળ વાત ઉપર આપીએ. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં અભ્યાસ સાથે જોડાયેલ વિદ્યાર્થીને ઉપયોગી થાય તેવું ભણતર અને તેનામાં જરૂરી આવડતનો ઉમેરો થાય તે અંગેની ગંભીરતાથી વાત કરવામાં આવી છે. આમાં ગુણવત્તા-યુક્ત શિક્ષણની સાથે સમાજના દરેક સમુદાયના વિકાસની વાતને પણ આવરી લેવામાં આવી છે. આ નવી શિક્ષણ નીતિ ઘડનારાઓએ સમાજમાં સમાનતા અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોની સુપેરે માવજત થાય એ બાબતને પણ આવરી લીધી છે. શિક્ષણ નીતિના મત મુજબ આપણી શાળા-મહાશાળામાં ભણાવાતા પાઠો અને અભ્યાસક્રમો દ્વારા વિદ્યાથીઓમાં પોતાની જવાબદારી અને ફરજ બજાવવા માટેની નિષ્ઠા અને જીવન વ્યવહારની દરેક ઘટનામાં નીતિમત્તાના મૂલ્યોને અગ્રતા આપવામાં આવે તે મોની ભલામણ પણ એક યા બીજા સ્વરૂપે આ નીતિમાં થઈ છે. આ સાથે શિક્ષણને નવું સ્વરૂપ


ISSN 0976-9609

આપવા નવા શિક્ષકો અને તાલીમી સંસ્થાઓની સજ્જતા ઉપર પણ ભાર મૂકાયો છે.

આમ શિક્ષણ દ્વારા રાષ્ટ્ર ઘડતર માટે ઘણા જ ઉત્તમ પ્રકારના મુદ્દાઓ અને યોજનાઓની વાત આ નીતિમાં કહેવાઈ છે. એમ કહેવાય છે કે બાળકોના ભાગ્યના વિધાતા શિક્ષક છે. તેનામાં તમામ પ્રકારના સારા ગુણો, હકારાત્મક અભિગમ અને નૈતિકતાને વળગી રહેવાની સમજ શિક્ષક દ્વારા જ પ્રાપ્ત થાય છ. આથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષકોની તમામ પ્રકારની સજ્જતા, તેમનો શિક્ષણ ક્ષેત્રે જરૂરી થાય તેવી બાબતોને મહત્ત્વ આપી તેના અમલીકરણની વાત આમાં થઈ છે. પરંતુ આ બધી જ બાબતોને જીવંત રાખવા માટે તેનું નિષ્ઠાપૂર્વકનું અમલીકરણ થાય એ ખૂબ અનિવાર્ય છે.

શિક્ષણના આ તમામ કાર્યો સાથે સંકળાયેલા શિક્ષકો સૌ કર્મચારીઓ, સરકાર અને શિક્ષણ સાથે નિસબત ધરાવતા સૌ આના અમલ માટે સક્રિય થાય અને તેઓ નિષ્ઠાપૂર્વક સતત સક્રિય રહે એજ ઈચ્છવા જોગ.

શું આમ થશે ખરું ?
જરૂર થાય એવી શુભકામના...

૧૮૪, તપોવન સોસાયટી, વિભાગ-૨,
અનિલ સ્ટાર્ચ મિલ રોડ, આધુનિક સોસાયટી સામે,
સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮
(મો) ૯૪૨૬૫૨૫૨૪૨, ૬૩૫૪૦૮૧૦૫૧

## ।। વિદ્યાવૃત્ત ।।

### ઈન્દુકાકા ઈપ્કોવાલા કૉલેજ ઑફ ફાર્મસી

તા. ૧૮, ૧૯ અને ૨૦/૦૬/૨૦૨૬ સ્થાનિક લેવલે યોગ-ધ્યાન ક્લબ અને એન.એસ.એસ.ના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ની ઉજવણીના ભાગ રૂપે શ્રીમતી હેતા કાછિયા, શ્રીમતી જીનલ ટંડેલ અને શ્રીમતી પલક કે. વ્યાસ, રાહબરી હેઠળ યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮ વિદ્યાર્થીનીઓ અને ૧૨ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોને શારીરિક તંદુરસ્તી, માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સંતુલન જાળવવા માટે યોગને તેમના દૈનિક જીવનનો એક અભિન્ન ભાગ બનાવવા પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મહત્ત્વ અને સર્વાંગી સ્વાસ્થ્ય જાળવવામાં યોગની ભૂમિકા અંગે સંક્ષિપ્ત પરિચય સાથે કરવામાં આવી હતી. ઉપસ્થિત સહભાગીઓને નિયમિત યોગાભ્યાસથી શરીરની લવચીકતા, એકાગ્રતા, રોગપ્રતિકારક શક્તિ અને માનસિક સુખાકારીમાં થનારા લાભો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સહભાગીઓએ વિવિધ યોગાસનો, પ્રાણાયામ, શ્વાસોચ્છશ્વાસની કસરતો તથા ધ્યાન (મેડિટેશન) જેવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સત્ર દરમિયાન સૂર્યનમસ્કાર, તાડાસન, વૃક્ષાસન, ભુજંગાસન, વજ્રાસન, અનુલોમ-વિલોમ સહિત વિવિધ યોગાભ્યાસો કરાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે યોગને દૈનિક જીવનમાં અપનાવવાથી તંદુરસ્ત શરીર અને શાંત મન પ્રાપ્ત કરી શકાય છે. તેમણે વિદ્યાર્થીઓને તણાવમુક્ત જીવન, વ્યક્તિત્વ વિકાસ અને સર્વાંગી સુખાકારી માટે નિયમિત યોગાભ્યાસ કરવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં હાજર તમામ સહભાગીઓએ યોગની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને યોગ દ્વારા પ્રાપ્ત થતા સ્વાસ્થ્યલક્ષી તથા જાગૃતિ સંબંધિત લાભોની પ્રશંસા કરી હતી.

## ।। ચિંતન કણિકા ।।

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

"Your gentleness shall force,
More than your force move us to gentleness."
(William Shakespeare's As you like it
Act:II Scene:VII)

'એઝ યુ લાઈક ઈટ' વિલિયમ શેક્સપિયર કૃત એક અતિ પ્રતિષ્ઠિત રોમેન્ટિક કોમેડી-પ્રણય રમુજી-નાટક છે. આ નાટકના બીજા અંકના સાતમા દશ્યમાં સિનિયર ડ્યુક નામનું પાત્ર નાટકનાં નાયક ઓરલેન્ડોને સંબોધીને ઉપરોક્ત પંકિતઓ ઉચ્ચારે છે. સિનિયર ડ્યુક એક વિનમ્ર, ઉમદા અને જીવનની ભરતી ઓટનો અનુભવ કરી ચુકેલ વયસ્ક સજ્જન છે. પોતાના ભાઈ ફ્રેડરીકે રાજપાટ છીનવી લીધું હોવાથી સિનિયર ડ્યુક તેમના વફાદાર સાથી વૃંદ સાથે ફોરેસ્ટ ઓફ આર્ડન નામના જંગલની એક ગુફામાં પોતાનું જીવન વ્યતિત કરી રહ્યા છે. તેમણે જંગલમાં પણ સુખશાંતિથી રહેવાની કળા હસ્તગત કરી લીધી છે. તેમનું જીવન રાજમહેલમાં પસાર થાય કે જંગલમાં તેઓ તેમને લેશમાત્ર પણ ફરક નથી પડતો. કથાનાં નાયક ઓરલેન્ડોની પણ એવી જ સ્થિતિ છે. જેવી સિનિયર ડ્યુકની છે. ઓરલેન્ડોનો ભાઈ ઓલીવર તેને પરેશાન કરવાની એક પણ તક જતી કરતો નથી. એક કુસ્તીબાજ દ્વારા પોતાના જ ભાઈ ઓરલેન્ડોની હત્યા માટેનું કાવતરુ પણ ઓલીવર કરે છે. ઓરલેન્ડોનું સદ્નસીબ કે તે તેના પ્રતિસ્પર્ધી કુસ્તીબાજને હરાવે છે. પરંતુ આ ઘટના પછી ઓરલેન્ડો ઘર છોડીને ફોરેસ્ટ ઓફ આર્ડન જવાનું નક્કી કરે છે. કારણ કે તેના ભાઈ ઓલીવરનું હવે પછીનું કાવતરું છે તેને જીવતો સળગાવી દેવો તેના ઘરને આગના હવાલે કરીને, પરંતુ ઓરલેન્ડોનો વફાદાર સેવક એડમ આ ગુપ્ત માહિતી ઓરલેન્ડોને કહીને તેને ચેતવે છે. પરિણામ સ્વરૂપ ઓરલેન્ડો ઘર ત્યજીને ફોરેસ્ટ ઓફ આર્ડન તરફ પ્રયાણ કરે છે. તેનો વફાદાર સેવક એડમ પણ તેની સાથે ફોરેસ્ટ ઓફ આર્ડનમાં ગમન કરે છે.આ રીતે સિનિયર ડ્યુક અને ઓરલેન્ડો બન્ને સમદુખિયા છે. તેઓ બન્ને પોતાના જ ભાઈઓ દ્વારા પ્રતાડિત છે.

ફોરેસ્ટ ઓફ આર્ડનનાં કઠિન પથ ઉપર ચાલતા ચાલતા એક તબક્કે એડમ અતિશય થાકી જાય છે અને ભૂખ તથા તરસને કારણે હવે આગળ ચાલી શકાશે નહીં તેમ કહી એક વૃક્ષની શીતળ છાંયડીમાં બેસી જાય છે. ઓરલેન્ડો તેના માટે પાણી અને ખોરાકની શોધમાં આગળ ચાલે છે અને યોગાનુયોગ સિનિયર ડ્યુકની ગુફા પાસે આવે છે. અને તેની પાસે ધમકીભર્યા સ્વરમાં ખોરાકની માગણી કરે છે. આવા ધમકીભર્યા ઉદ્ધત વર્તનનાં પ્રતિભાવ સ્વરૂપે સિનિયર ડ્યુક ઉપરોક્ત પંક્તિઓ ઓરલેન્ડોને સંબોધીને ઉચ્ચારે છે.

સિનિયર ડ્યુક ઓરલેન્ડોને સમજાવતા કહે છે કે ઓરલેન્ડોનું વિનમ્ર અને ઉમદા વર્તન સિનિયર ડ્યુકને વધુ પ્રભાવિત કરશે અને તેનો સર્વે ઓરલેન્ડોને જે મદદ જોઈતી હશે તે સત્વરે તેને કરવા તૈયાર થઈ જશે. અને સાલસ વર્તન જ બીજાને પ્રભાવિત કરી શકે છે, નહીં કે બળજબરી અને ઉદ્ધત વર્તન. સિનિયર ડ્યુકની આ વાત ઓરલેન્ડોને તુરંત પોતાનું વર્તન સુધારવા ફરજ પાડે છે. અને વિન્રમતાનું મહત્ત્વ તેને સમજાઈ જાય છે.

સિનિયર ડ્યુક દ્વારા બોલાયેલ પ્રસ્તુત પંક્તિઓ દ્વારા નાટ્યકાર વિલિયમ શેક્સપિયર માનવ જીવનમાં વિનમ્રતા અને ઉમદા વર્તનનું કેટલું મહત્ત્વ છે. તે દર્શાવે છે. વિનમ્ર વર્તન અને વ્યવહારની સાલસતા દ્વારા વ્યક્તિ અન્યને જેટલા પ્રભાવિત કરી શકે છે. તેટલા પ્રભાવિત વ્યક્તિનાં ઉદ્ધત વર્તન દ્વારા કદાપિ થઈ શકે નહીં. પ્રસ્તુત પંક્તિઓ દ્વારા નાટ્યકાર મનુષ્યનાં જીવનમાં વિનમ્રતાનું કેટલું મહત્ત્વ છે. તેનો પાઠ સર્વેને શીખવાડે છે.

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨



ISSN 0976-9609

## ।। નવલિકા ।।

## મારું વિશ્વ (સાંપ્રત સમયની શકુંતલા)

**ઋતુંભરા છાયા**

પૌરાણિક પાત્ર શકુંતલાને સાંપ્રત સમયમાં મૂક્યું....

''શાંભવી..બેટા, સંભાળીને જજે. આ મોટાં મોટાં વૃક્ષો વચ્ચેથી ઉબડખાબડ રસ્તા પર ચાલવામાં પગ ક્યારે ફસકી જશે ખબર નહીં પડે. અહીં દેવદારના વૃક્ષો એટલાં ગાઢ છે કે દિવસના ભાગમાં પણ અંધારું લાગશે. સો બી કેરફુલ.''

''અરે, પપ્પા તમે ચિંતા ન કરો. હું હવે બરાબર આવા રસ્તાઓથી ટેવાઈ ગઈ છું. હું પણ તમારી જેમ થોડી જડીબુટ્ટીઓ અને વનસ્પતિઓ જોવા, શોધવા જાઉં છું.'' કણ્વ મરક મરક હસતા બારીએ ઊભા રહ્યા, ''ચાલો, દીકરી પણ પર્યાવરણપ્રેમી છે ખરી..''

હિમાચલ પ્રદેશના કિન્નોર જિલ્લાના 'રક્ષમ' ગામમાં વસતું આ કુટુંબ કુદરતને નુકસાન પહોંચાડ્યા વગર જીવવાનું પસંદ કરતું. વર્ષો સુધી દિલ્હીમાં ફોરેસ્ટ ઓફિસર તરીકે નોકરી કર્યા પછી જંગલો સાથે એક આત્મીય સંબંધ બંધાઈ ગયો હતો.

દેવદાર અને પાઇનના ઊંચા વૃક્ષો અને પહાડોની વચ્ચે તળેટીમાં કણ્વે દીકરીને ગમે તેવું લાકડાનું ઘર ઊભું કર્યું હતું. ''પપ્પા, તમે અહીં આવવાનું નક્કી કેમ કર્યું?''. ''બેટા, ફોરેસ્ટ ઓફિસરની નોકરીમાં હું ફાઇલો જોતો'તો હતો, પણ મારું મન તો આ દેવદાર અને પાઇનના વૃક્ષો વચ્ચે જ અટકેલું હતું. દિલ્હીના સિમેન્ટના જંગલમાં શ્વાસ રૂંધાતો હતો.. અહીં ખુલ્લી હવામાં એક નવો જ અહેસાસ થયો છે''. ''બેટા, તેં પણ પર્યાવરણમાં જ અનુસ્નાતકની ડિગ્રી લીધી છે તો મારો અનુભવ અને તારું નોલેજ બંનેનો ઉપયોગ કરી, હવે તને રસ પડે એવો ઈકો વિલેજનો પ્રોજેક્ટ હાથમાં લેશું. આપણે સોલર ઊર્જાને મહત્ત્વ આપશું. આપણે અહીંની જીવનશૈલી સરળ બનાવવાનો પ્રયાસ કરીશું. એ માટે અલગ અલગ સંશોધનો પણ ચાલુ જ છે..''

''ઓહો..પપ્પા, વ્હોટ એન આઇડિયા. આપણે રોજ આ વૃક્ષો વચ્ચે ફરશું અને પ્લાનિંગ કરશું. મને ખૂબ ગમશે''. ત્યાં તો એ.. સાંજ ભયાનક બની. શાંત અને સૌમ્ય કુદરતે કરવટ બદલી. વાદળો અને પહાડોની ટકરાવમાં ભયંકર વાવાઝોડાં સાથે મુશળધાર વરસાદ પડ્યો. ચારે તરફ પહાડોને લીધે અંધકાર અને વીજળીના કડાકા સાથેનો વરસાદ.. એમાં એક ગાડી કાદવમાં ફસાઈ ગઈ. શહેરી યુવાન ગાડીમાંથી બહાર નીકળી શકતો નહોતો. અનરાધાર વરસાદમાં શું કરવું ખબર નહોતી પડતી.. આખરે મદદ માટે સતત બૂમો પાડતો રહ્યો.. જંગલમાં પડઘા પડવા મંડ્યાં. બંને બાપ-દીકરીએ બારીમાંથી દૃશ્ય જોયું અને તરત દોડી ગયાં. સૂટ બૂટ પહેરેલો પણ કાદવથી ખરડાયેલ ફૂટડા યુવાનને માંડ માંડ ગાડીમાંથી બહાર કાઢ્યો. ''ભાઈ, તું ક્યાંથી આવી ગયો અહીં જંગલમાં ? તારી ગાડીનો નંબર તો દિલ્હીનો લાગે છે એટલે તું ત્યાંથી આવ્યો?'' ''પપ્પા, એ આખો ભીનો થઈ ગયો છે..ધ્રૂજે છે..એને ઘરમાં લઈ જઈએ. તમારાં કપડાં આપો. હું નાનું તાપણું કરી દઉં અને તમારી જડીબુટ્ટીવાળી ચા પીવરાવીએ પછી વાતો કરીએ બરાબર!'' યુવાનને આ પહાડોમાં રહેતી છોકરીનો સ્પાર્ક ગમી ગયો. તેની સમજણ પર વારી ગયો અને મર્માળુ સ્મિત આપી દીધું. ''મારું નામ દક્ષ મહેતા છે..અંકલ, હું દિલ્હીનો છું. બસ, થોડું ફરવા આવ્યો હતો.'' દક્ષ ઘરનું વાતાવરણ જોઈને અચંબિત થઈ ગયો. આટલા ધોધમાર વરસાદમાં પણ આવા ઘરમાં બંને બાપ-દીકરી કેટલા સ્વસ્થ લાગે છે!'' જડીબુટ્ટી વાળી ચા પીતાં આખા લાકડાના ઘરનું નિરીક્ષણ કરી લીધું. શાંભવીની મહેમાનગતિએ દક્ષની આંખોમાં વિશિષ્ટ સ્થાન લઈ લીધું. મૂંગો પ્રેમાલાપ કરતાં વરસાદી માહોલને માણી રહ્યાં હતાં. '''રક્ષમ' ના વરસાદે જોર જમાવ્યું હતું. અટકવાનું નામ નથી લેતો, કદાચ રાત કાઢવી પડશે.'' બારી આગળ ઊભીને દક્ષ કુદરતના તાંડવને નિહાળતો હતો. બહારના વાવાઝોડાં

જેટલું જ..વિચારોના વાવાઝોડાએ દક્ષના દિમાગનો કબ્જો લીધો હતો. લાકડાંનું ઘર, જડીબુટ્ટીની સુગંધ વાળી ચા, અદ્ભુત પહાડી સૌંદર્યવાળી શાંભવી, પાઇનના વૃક્ષોની મીઠી મહેક.. આ બધું કેમ મને અચાનક ગમવા માંડ્યું? શાંભવી પરથી નજર નથી હટતી.. ના ના હું મક્કમ ઇરાદા સાથે આવ્યો છું અને એ કામ તો કરીશ જ.''

વિચારોના વટવૃક્ષને કાપી ફરી પાછો તાપણા પાસે કણ્વની સાથે બેસી ગયો. ફરી એકવાર કણ્વે પૂછ્યું, ''કોઈ બિઝનેસ કરો છો ? અહીં આવવાનું કારણ?.'' ''સર, આ જગ્યા બહુ જ અદ્ભુત છે. હું અહીં નીચેની ખીણમાં અમારી ક્લબ મહિન્દ્રાની લક્ઝરી રિસોર્ટ ચેઇન માટે જમીન જોવા આવ્યો હતો. આ દેવદારના વૃક્ષો અને સામે બરફાચ્છાદિત પહાડોની વચ્ચે જો એક ફાઇવ સ્ટાર હોટલ બને તો ટુરિઝમ ક્યાંનું ક્યાં પહોંચી જાય.!'' ''પણ એમાં વૃક્ષો કેટલાં કાપવાં પડે તે ખબર છે ?'' કણવએ થોડી લાલ બત્તી બતાવી. ''અંકલ.. પાંચસો જેવાં વૃક્ષો તો કાપવાનાં થાય જ.'' ''શું ??'' દક્ષની વાત સાંભળીને કણ્વ સ્તબ્ધ થઈ ગયા અને શાંભવીના હાથમાંથી ચાની તપેલી પડી ગઈ. ભયંકર ગુસ્સો આવ્યો. ''આ માણસનો ઇરાદો માન્ય રાખી શકાય જ નહી. અમે અહીં વૃક્ષો, પહાડો બચાવીએ કુદરતી સંશાધનો સાચવીએ અને આ..શું કહે છે..પાંચસો વૃક્ષ તો કાપવા પડે ! અરે. આ વૃક્ષો જ અમારું વિશ્વ છે. અમારાં બાળકો છે.'' પહાડી છોકરીએ એકદમ ગર્જના કરી. ''દક્ષ, તમે જેને ''ડેવલપમેન્ટ'' કહો છો એ વાસ્તવમાં ઈકો સિસ્ટમ માટે કેટલું જોખમી છે તેનો અંદાજ તમને છે ખરો ? પહાડો પર કોંક્રિટ ઊભું કરવું એ વિકાસ નથી પણ વિનાશની શરૂઆત છે. અમારે અહીં ફાઇવ સ્ટાર હોટલ નહીં, પણ ફાઇવ સ્ટાર ઓક્સિજનની જરૂર છે..તમને આ દેવદારના વૃક્ષો માત્ર લાકડું લાગતું હશે પણ અમારા માટે આ પહાડોના રક્ષક છે.''

''અરે.. શાંભવી.. તમે બધાં ખોટાં ઇમોશનલ થઈ રહ્યા છો. દુનિયા બદલાઈ રહી છે. પ્રગતિ માટે કુદરત સાથે સમજૂતી કરવી પડે એમાં શું ? હું ફરી મારા પ્રોજેક્ટ સાથે અવીશ અને તું મને પસંદ છે રાણી બનાવીને લઈ જઈશ. યાદ રાખજે..'' ''મારે આંગળીના ટેરવે રાણી નથી બનવું. મારે દિલમાં જગ્યા જોઈએ.. પણ આ 'એ આઈ' યુગમાં આ બધું તમે નહીં સમજો. અહીંના પક્ષીઓના અવાજ, વહેતા ઝરણાંનું સંગીત, વૃક્ષોનું ડોલન આ બધું સમજવા માટે એક ધબકતું હૃદય જોઈએ. તમારે આ બધું ખેદાનમેદાન કરી પૈસા કમાવા છે.. અમે એ સ્વીકારી જ ન શકીએ.'' દક્ષને ભારે હૃદયે બાપ-દીકરીએ વિદાય કર્યો.'' ''આ પહાડી લોકોને દુનિયા શું છે એ હું સમજાવીશ.'' એવા વિચાર સાથે ગાડીમાં બેસીને ઊપડી ગયો. દક્ષ ઊપડ્યો તો ખરો પણ થોડો ભાવુક થઈ ગયો. તેને થયું,'' આ પહાડી રાત મને મારાં સપનાંઓથી દૂર કરી દે તે પહેલાં મારા પ્રોજેક્ટ પર કામ શરૂ કરી દઉં.''★★★★★પાંચ વર્ષનો સમય વીતી ગયો..દક્ષની કંપનીએ ઘણી નવી હોટેલોની ચેઇન વિકસાવી. એક પછી એક સારી જગ્યાઓની ઓફર મળતી ગઈ અને ક્લબ મહેન્દ્રનું એક લક્ઝુરીયસ વિલામાં નામ બોલાતું થઈ ગયું. બસ, એક હિમાચલ પ્રદેશનો 'રક્ષમ' ગામનો પ્રોજેક્ટ અટકી પડ્યો હતો. નવી સરકારના પર્યાવરણને લગતા કડક નિયમોને કારણે એમાં આગળ વધી શકાતું નહતું. તેને કારણે તેનું પ્રમોશન અટક્યું હતું. દક્ષના બોસે કહી દીધું. ''ગમે તે કરો.. આકાશ પાતાળ એક કરો પ્રોજેક્ટ આગળ વધારવાની પરમિશન લઈ આવો.'' દક્ષ હવે રઘવાયો થયો. તેને પર્યાવરણ મંત્રાલયની એક ખાસ સમિતિની મંજૂરી અને સહી લેવાનાં હતાં. દક્ષને યેનકેન પ્રકારેણ..પોતાના પ્રોજેક્ટને આગળ વધારવો હતો એટલે એક બ્રિફકેસ પણ રૂપિયાથી ભરેલ લઈને ઉપડ્યો. મહામહેનતે ઓફિસમાં જવાની પરવાનગી મળી. ઓફિસમાં પ્રવેશતાં જ ધબકારો ચૂકી ગયો. બ્રિફકેસ પડી ગઈ કારણ સામે જ ખુરશીમાં ખાદીનું જેકેટ, પેન્ટ, ચશ્મા અને ખુલ્લા વાળ સાથે શાંભવી


ISSN 0976-9609

બેઠી હતી. સાઈડમાં રાખેલ કમ્પ્યૂટર પર કામ કરતી જોઈ.''. વેલકમ દક્ષ, લાંબા સમયથી તારી રાહમાં હતી.'' ''શાંભવી..તું..આટલી ઊંચાઈએ પહોંચી ગઈ? પહાડોની વચ્ચે રહીને..આ બધું ક્યારે?..'' ''થેન્ક્સ ટુ યુ.. પાંચ વર્ષ પહેલાં તું જે પ્રોજેક્ટની બડાઈ મારીને ગયો, તેનાથી મારાં મનમા ઉથલપાથલ મચી ગઈ. એમ પણ હું ઇતિહાસમાં આવતી શકુંતલા તો નથી જ. હું શાંભવી છું. જરા અમથી કોઈ લાગણી બતાવે તો તણાઈ જાઉં એવી નથી. મારે મારા વિચારો અને સિદ્ધાંતો છે. તારો પ્રોજેક્ટ કેટલો પર્યાવરણને હાનિકારક છે તે મારે જોવું હતું એટલે મેં પણ ''એ આઇ'' ની મદદ લીધી. અને આ જ વિષયમાં ડૉક્ટરેટ કરી આજે આ ખુરશી પર બેઠી છું.''

''શાંભવી, તું પ્લીઝ મારા પ્રોજેક્ટ પર સહી કરી પરવાનગી આપી દે નહિતર હું બરબાદ થઈ જઈશ. હું તારી સાથે લગ્ન કરવા માંગુ છું. મને તું ત્યારે પણ ગમતી હતી અને અત્યારે પણ ગમે છે.'' ''મિ.દક્ષ, મહેરબાની કરી ઐતિહાસિક દુષ્યંત જેવા થવાની જરૂર નથી. નિયમ પ્રમાણે જ થશે. તું સો ટકા એ.આઈ. પર નિર્ભર થઈ નફો જ જુવે છે..એમાં સંબંધોનું સોલ્યુશન નથી આવતું. હું મારા એ. આઈ. પાસે માત્ર પર્યાવરણના રક્ષણ અને વિકાસ વિશે જ પૂછું છું સંબંધોનું સોલ્યુશન મારું હૃદય.. મારી લાગણીઓ લાવે છે.''

''હવે..મારી પાસે એક સુઝાવ છે. જો તને મંજૂર હશે તો હું સહી કરીશ.'' ''શું શાંભવી,. હું બધું જ કરવા તૈયાર છું.'' ''વિચારી લે જે. પછી ફરી ન જતો.'' ''શાંભવી.. તું વિશ્વાસ રાખ હું તું કહીશ તે કરીશ.'' ''તો સાંભળતું તારા બધા જ એશો-આરામના ગેજેટ્સ કબાટમાં મૂકી દેજે. ગાડી પણ ગેરેજમાં મૂકીને તું રક્ષમ ગામનાં લોકો અને પહાડો વચ્ચે એ લોકો જે મુશ્કેલી સાથે જીવે છે તેમની સાથે તું પણ રહે તે મારી શરત છે..જો તું તેમાં સફળ રહીશ તો ફાઇલમાં સહી થશે.. મંજૂર??''

(બાંહેધરી મારી આ વાર્તા મૌલિક છે. અને તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે.)

---

૭/ડી, મૈત્રીવિહાર સોસાયટી,
જી.એસ.ટી.ભવન સામે, સુભાનપુરા.
વડોદરા-૩૯૦૦૨૩. (મો) ૯૩૨૮૭૩૫૧૮૦.

---

## ।। વિદ્યાવૃત્ત ।।

**સીવીએમ યુનિવર્સિટીની એડીઆઈટી કૉલેજ ખાતે ઇન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ** : સીવીએમ યુનિવર્સિટી સંચાલિત ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એ. ડી. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટૅકનૉલૉજી ખાતે તા. ૨૫ અને ૨૬ જૂન દરમ્યાન ઇન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન થયું. ''સિનર્જેટીક ડેવલપમેન્ટ થ્રુ સ્માર્ટ ટૅકનૉલૉજી, સસ્ટેનેબિલિટી એન્ડ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન'' વિષય પર આ ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન તથા પોસ્ટર પ્રેઝન્ટેશનમાં લગભગ ૧૫૦ થી વધારે વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મેમ્બરે ભાગ લીધો. આ કોન્ફરન્સમાં રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન, ઇન્ટરનેશનલ એક્સપર્ટ ટોક્સ, પોસ્ટર પ્રેઝન્ટેશન તથા વિવિધ ટેકનિકલ સેશન્સનું આયોજન થયું. આ કોન્ફરન્સમાં આઇઆઇટી, ગૂગલ યુઈએસઈએ તથા ઓસ્ટ્રેલિયાથી પણ એક્સપર્ટ દ્વારા પોતાના સેશન આપ્યા. આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ, સાયબર સિસ્ટમ, રોબોટિક્સ, ઑટોમેશન, એડવાન્સ મેનુફેકચરીંગ, ઑટોમોટિવ ટૅકનૉલૉજી, ઇલેક્ટ્રિક વેહીકલ્સ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, બ્લોક ચેઇન એપ્લિકેશન્સ જેવા વિવિધ ટ્રેક પર રિસર્ચ પેપર્સ રજૂ થયા. બે દિવસ યોજાયેલ આ કોન્ફરન્સ માટે ગુજકોસ્ટ, ગુજરાત સરકાર તરફથી પણ સહયોગ પ્રાપ્ત થયો. આ કોન્ફરન્સના આયોજનમાં ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ માનનીય શ્રી ભીખુભાઈ પટેલ, સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) ઇન્દ્રજિત પટેલ, એડીઆઇટી પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ તરફથી સતત માર્ગદર્શન પ્રાપ્ત થયેલ છે.

॥ વ્યક્તિવિશેષ ॥

## પ્રણય-ભાવસંવેદનના કવિ મરીઝ

કુસુમબેન એમ. પરદેશી

અબ્બાસ અબ્દુલ અલી વાસી 'મરીઝ'. જાણીતા ગુજરાતી ગઝલકાર છે તેમણે શાયરીની શરૂઆત ૧૪ વર્ષની ઉંમરે પોતાની મોટી બહેનની દીકરીના પ્રથમ જન્મદિન નિમિત્તે કરી હતી. તેમનો જન્મ ૨૨ ફેબ્રુઆરી ૧૯૧૭ ના રોજ સુરત શહેરમાં થયો હતો તેમની પાસેથી ગુજરાતી સાહિત્યને સત્વવંતી ગઝલો સાંપડી છે. તેમણે લખેલી ઉમદા ગઝલોને કારણે તેમને 'ગુજરાતના ગાલીબ' તરીકે ઓળખવામાં આવે છે.

'મરીઝ' પાસેથી આગમન અને તેમનો મરણોત્તર પ્રકાશિત 'નકશા' એમ બે ગઝલ સંગ્રહો મળ્યા છે. તેમની કેટલીક રચનાઓ 'ગુલઝારે શાયરી' તેમજ દિશા જેવા સંપાદનોમાં પણ મળે છે. તેમણે ગઝલ ઉપરાંત નજમ, કત્અ રુબાઈ, તઝમીન, મરશિયા વગેરે અરબી ફારસી કાવ્ય પ્રકારો પણ ગુજરાતી ભાષામાં સફળતાપૂર્વક ખેડ્યા છે.

દિગ્ગજ ગઝલકાર મરીઝ સાહેબ એમની ગઝલોમાં હૃદયના ભાવવિશ્વને અશેષ રીતે પ્રગટ કરે છે.મારે અહીં વાત કરવી છે. તેમના પ્રણય ભાવ સંવેદનની. તેમણે પ્રણય ભાવ સંવેદનને તારતમ્ય રીતે એમની ગઝલોમાં ઝીલ્યું છે. પ્રેમની વિવિધ ભાવ દશાઓ એમની ગઝલોમાં પ્રગટી છે. વિરહની દશા કે મિલનની દશા હોય, પ્રેમની ઝંખના, આતુરતા, તડપ, પ્રિય પાત્રને મળવાની તાલાવેલી, પ્રેમમાં વિફળતા, પ્રિય પાત્રનું પરાયાપણું વગેરે તીવ્ર રીતે તેમની ગઝલોમાં ઝીલાયું છે.

જગતના તમામ જીવ જેને પ્રેમનો અનુભવ થાય છે એના સ્વભાવમાં એક પ્રકારની આતુરતા આવી જાય છે. ધીરજ એ એમને મન ન કહેવાય એવી કસોટી લાગે છે. પ્રેમ મોટા ભાગે મોંઘમ રહે છે અને એના પ્રગટીકરણના વિચારે જ ભય અનુભવે છે, એવા સમયે પ્રેમ એક વહેવારનું રૂપ લઈ લે છે. આવો ભાવ -

''લેવા ગયો જો પ્રેમ તો વહેવાર પણ ગયો,
દર્શનની ઝંખના હતી અણસાર પણ ગયો.''

-કેવી સુંદર રીતે નિરૂપે છે !

પ્રેમ અને સમજદારી બે પરસ્પર વિરોધી તત્ત્વો છે. સમજદારીનો દાવો કરનાર વ્યક્તિ કદી પ્રેમ ના કરતા એવું દરેક વ્યક્તિને કહે છે પણ પ્રેમનો સ્પર્શ જેને પણ થાય છે, તે સમજદારમાંથી દીવાનગી પર ઉતરી આવે છે. અને ત્યારે દીવાનગી મજાની પણ લાગે છે. પ્રેમની દીવાનગી ઉપરનો આ શેર ઘણું બધું કહી જાય છે -

''કેવી મજાની પ્રેમની દીવાનગી હશે,
કે જ્યાં મરીઝ જેવો સમજદાર પણ ગયો.''

પ્રણયાતુર જીવનું વ્યાકુળ રહેવું સ્વાભાવિક છે પરંતુ એ વ્યાકુળતા, એ વ્યગ્રતાને, એ આવેશને વહાલ ગણવો એવી સમજદારી મરીઝ એમના એક ગઝલના મતલામાં દાખવે છે -

''એ રીતથી છવાઈ ગયા છો ખયાલમાં
આવેશને ગણી મેં લીધો છે વહાલમાં.''

આવેશને વહાલ ગણી લેવામાં હૃદયને એક જાતની સાંત્વના કદાચ મળી રહે છે.

આજ ગઝલનો મક્તાનો શેર ખૂબ જ સુંદર છે. વ્યવહાર-કુશળતા જેની પાસે હોય અને પોતાનો સ્વાર્થ પામવાની આવડત રાખતો હોય કે જે વ્યક્તિ બુદ્ધિથી કામ લેતું હોય તે માનવી કોઈપણ બાબત માટે ઝડપથી 'ના' કહી શકતો હોય છે એક ભાવુક હૃદયને એવું ભલે લાગે કે સવાલ કરવામાં ઉતાવળ થઈ છે એટલે પ્રિય પાત્રને 'ના' કહેવાનો મોકો મળી ગયો પરંતુ આ તો મરીઝ છે તેઓ 'હા' અને 'ના'-ની સચ્ચાઈથી પરિચિત હતા. માટે જ તેઓ કહે છે કે-


ISSN 0976-9609

''એ ના કહીને સહેજમાં છૂટી ગયા મરીઝ,
કરવી ન જોઈતી'તી ઉતાવળ સવાલમાં.''

સહેજમાં છૂટી ગયા કહીને મરીઝ ઈશારો કરે છે કે, એમનું પ્રિય પાત્ર સરળતાથી ના કહી શકવાની ક્ષમતા રાખતું હતું. પ્રિય પાત્ર પાસે ઇઝહારની વેળાએ ઇકરારની અપેક્ષા હોય છે પરંતુ જ્યારે ઇનકાર મળે છે ત્યારે એ ઇનકાર પછી જીવનપર્યંત એ વ્યથા પીડતી રહે છે અન્ય એક શેર જોઈએ તેમની પ્રિય પાત્રના વિરહની તડપનો -

''ચાહું બીજું બધું તો ખુદાએ મને દીધું,
એ શું કે તારા માટે ફક્ત ઇન્તઝાર દે.''

પ્રત્યેક માનવીની ફરિયાદ ખુદા પ્રત્યે હોય છે અહીં મરીઝની ફરિયાદનો રંગ જરા જુદો પડે છે. ખુદા પાસેથી બધું જ મળ્યાનો એક સંતોષ ઉપરયુક્ત શેરમાં જાહેર તો કરે છે, પણ મરીઝની ફરિયાદ છે કે પ્રિય પાત્રના સંદર્ભમાં કંઈક ખુદા પાસે માંગ્યું છે તો મળે છે ઇન્તેઝાર. અને આ ઇન્તેઝારનો વ્યાપ એટલો વિશાળ છે કે ખુદા પાસેથી જે કંઈ મળ્યું છે તેનો પણ આનંદ ટકી રહેતો નથી.

પ્રણય ભાવના છૂપી છૂપાઈ શકતી નથી. પ્રેમ તત્ત્વ જ એવું છે કે એની સુગંધ રેલાયા વિના ન રહે. પ્રિય પાત્ર પ્રત્યેના પ્રેમને છુપાવવાના પ્રયાસો હંમેશા નિષ્ફળ જતા હોય છે એ તેમના એક મક્તાનાં શેરમાં સરસ રીતે ઝીલાયું છે. જુઓ-

''એકાદ હોય તો એને છુપાવી
આ પ્રેમ છે ને એના પુરાવા હજાર છે.''

ઘણીવાર પ્રેમિકાની ખામોશી પ્રેમીના મનમાં એક પ્રશ્ન જન્માવે છે કે કદાચ પ્રેમિકા માટે હા કહેવું શક્ય નથી અને ના કહી પ્રેમી હૃદયને આઘાત આપવા કે દુ:ખી કરવા તે માંગતી નથી. એ તો મૌન વડે ખરેખર પ્રેમ નિભાવે છે કે દયા દાખવે છે એવી અસંમજસમાં મરીઝ પોતાની ગઝલના મત્લામાં કહે છે, કે -

''આ મહોબત છે કે જે એની દયા કહેતા નથી,
એક મુદ્દત થઈ કે તેઓ હા કે ના કહેતા નથી.''

મરીઝની ગઝલોમાં પ્રિય પાત્રની તડપ, વિરહ અવસ્થા, વિરહ વ્યથા, પ્રેમ દર્દ આગવી રીતે અનુભવાય છે. વિરહ વ્યથાને શબ્દબદ્ધ કરવામાં મરીઝ સાહેબ સફળ રહ્યા છે. પ્રણયભંગ થયા બાદ પ્રિય પાત્ર સ્મરણના બંધને બંધાઈ રહે છે અને એમ વિરહના સમયમાં પણ એકબીજાની સાથે સંકળાયેલા રહે છે. મરીઝનું વિરહ અવસ્થાનું સૂક્ષ્મ અવલોકન તેમના શેરમાં આ પ્રમાણે મળે છે -

''જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે
અંદરથી એ સજાગ કે છેટે જવા ન દે.''

જાહેરમાં અળગા રહેવાનો, અડગા ઓળખા-વાનો પ્રયત્ન કરનાર પ્રિય પાત્ર અંદરથી તો એ રીતે સજાગ રહે છે કે વિરહી જીવ આઘો ન સરી જાય. પ્રણયની આવી એક ચેષ્ટા પણ કવિ ખૂબીપૂર્વક શબ્દબદ્ધ કરે છે.

મિલન અને વિરહ એ પ્રણયની બે બાજુઓ છે. મિલન સુખ વગર વિરહ દર્દ કેવી રીતે અનુભવી શકાય ? દુ:ખ શું એ જાણવા-સમજવાને અનુભવવા સુખ શું છે એની અનુભૂતિ અનિવાર્ય છે. મરીઝ કેવી તર્કબધ્ધ દલીલ મૂકે છે, કે-

''ભલે એ એક કે બે હો પછી ખતમ થઈ જાય
મિલન સિવાય વિરહ તારો સંભવિત નથી.''

-કેવી પ્રેમાળ માગણી ! માંગી માંગીને એક કે બે મિલનના પ્રસંગો માંગે છે પછી ભલેને ચિરકાળ વિરહ સાંપડે. પ્રણયાતુર અને વિરહીની ભાવનાઓ શબ્દબદ્ધ કરનાર કવિ લાગણી, દર્દ, પ્યાર વિનાના માનવને માનવ ગણતો નથી. જુઓ -

''લાગણી જેમાં નથી, દર્દ નથી, પ્યાર નથી,
એવા દિલને કોઈ ઇચ્છાનો અધિકાર નથી.''

ઇચ્છા વગરનો માનવી ન હોય. એમ લાગણી, દર્દ, પ્રેમ એ પણ માનવીમાં સહજ હોય

એવી કવિ અપેક્ષા કરે છે. કવિ નિષ્ઠુર હૃદયને ઇચ્છા કરવાનો પણ અધિકાર આપવામાં માનતા નથી. માત્ર શરીર-ખોળિયું લઈને ફરનાર બુઠ્ઠા માનવની સચોટ વાત અહીં મૂકી આપે છે.

પ્રણયનો ભાવ કદાચ સામાન્ય હોઈ શકે, પરંતુ જેમ તીવ્રતાનો કોઈ માપદંડ નથી હોતો એવું જ વિરહની દશાનું હોય છે. ત્યાં વિરહની પીડા પ્રત્યેક પાત્ર માટે અસમાન રહે છે. મરીઝ કે જેઓ લાગણી-શીલ અને પ્રેમાળ કવિ છે. તેઓ પોતાનું પ્રિય પાત્ર પ્રેમમાં કેવી સ્વાભાવિકતા જુએ છે તેની વાત કરતા કહે છે કે-

''એ મારા પ્રેમમાં જોતા રહ્યા સ્વાભાવિકતા,
કે મારા હાલ જોઈને એ ચકિત નથી.''

વિરહી પાત્રનો હાલ ચકિત થઈ જવાય તેવો જ બે હાલ છે. પરંતુ તેનું પ્રિય પાત્ર એ વિરહી બેહાલ સ્થિતિમાં પણ સહજતા જ જુએ છે.

યુવાન વયે મળેલ પ્રિયતમા - એ પહેલી નજરનો પ્રણય કાયમ એવો ને એવો જ રહેતો હોય છે. એ પ્રિયતમા ભુલાઈ નથી. મોટી ઉંમરે એ પ્રિયતમા મળવા આવી છે તેની રજૂઆત કેવી ખૂબીથી કરી છે -

''ઘણાં વર્ષો પછી આવ્યાં છો એનો એ પુરાવો છે ,
જે મહેંદી હાથ અને પગ પર હતી તે કેશ પર લાગી.''

ગઝલકાર મરીઝે જીવન પર્યંત પ્રિયતમાની રાહ જોવાનું નક્કી કર્યું છે કદાચ. એમના આ વિષયક કેટલાક શેર નોંધવાનું મન થાય -

''છૂપો પ્રણયનો પથ રહ્યો આખી ઉંમર સુધી
મંઝિલનું નામ પણ ન ગયું રાહબર સુધી.''

★ ★ ★

''દમ ક્યાં મળે નિરાંતના બબ્બે છે જિંદગી,
એક તારા ઘરથી દૂર, બીજી તારા ઘર સુધી.''

આમ, મરીઝ સાહેબની ગઝલો એકથી એક ચઢિયાતી છે. સ્વરૂપની દૃષ્ટિએ તો આ ગઝલો બેનમૂન છે. પ્રણયની વિવિધ ભાવસ્થિતિઓને આલેખતી ઉત્તમ ગઝલો મરીઝનું ગુજરાતી સાહિત્યમાં આપેલું ઉત્તમ પ્રદાન છે.

---

અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, કઠલાલ

---

**સંદર્ભ :**

૧) 'અવિસ્મરણીય મરીઝ' ગુલામ અબ્બાસ નાશાદ, રન્નાદે પ્રકાશન, અમદાવાદ
૨) 'ગઝલ સંદર્ભ ...' રાજેશ વ્યાસ મિસ્કીન, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
૩) 'ગુજરાતી વિશ્વકોશ'
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ

---

"Love doesn't just mean the butterflies; it's choosing you every single day, even when things are difficult".
"We build each other up, never tear each other down. Together, we're creating our own story".
"You make the hard days bearable, the good days better, and our partnership look incredibly easy".

**પ્રેમને સમજવાની કોશિક કરશો તો સચવાઇ જશે,**
**બાકી જો પારખવા જશો તો ક્યાંય ખોવાઈ જશો.**
**દરેક સંબંધને કોઈ નામ આપવાની જરૂર જ નથી,**
**કેટલાક સંબંધને માત્ર દિલની માન આપવાની જરૂર હોય છે.**

 ISSN 0976-9609

॥ સાંપ્રત ॥

## ડૉક્ટરલ ડિગ્રી કે ડિગ્રીનું ઉત્પાદન? શિક્ષણ જગત સામેનો મોટો પ્રશ્ન

દર્શક કે. પરમાર

ભારતમાં પીએચડી (PhD) શિક્ષણ આજે એક એવા સંધિસ્થાને ઊભું છે જ્યાંથી આગળનો માર્ગ નક્કી કરવો અત્યંત જરૂરી બની ગયો છે. એક સમય હતો જ્યારે પીએચડીનો અર્થ જ્ઞાનની ઊંડાણભરી શોધ, નવી વિચારસરણી અને સમાજ માટે ઉપયોગી સંશોધન સાથે જોડાતો હતો. પીએચડી ધારકને સમાજમાં વિશેષ સન્માન મળતું હતું કારણ કે તેને માત્ર ડિગ્રીધારક નહીં પરંતુ જ્ઞાનસર્જક માનવામાં આવતો હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થામાં પીએચડીને લઈને અનેક ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ''શું દેશમાં ખરેખર ગુણવત્તાસભર સંશોધન થઈ રહ્યું છે?'' ''શું પીએચડી માત્ર ડિગ્રી મેળવવાનો ઉપાય બની રહી છે?'' ''શું સંશોધનનો સમાજ અને ઉદ્યોગ સાથે કોઈ જીવંત સંબંધ રહ્યો છે?'' જેવા પ્રશ્નો હવે શિક્ષણવિદો, નીતિનિર્માતાઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચાના કેન્દ્રમાં છે.

ભારતમાં પીએચડી અભ્યાસક્રમોમાં છેલ્લા દાયકામાં નોંધપાત્ર વધારો થયો છે. યુનિવર્સિટીઓ, ખાનગી સંસ્થાઓ અને ડીમ્ડ યુનિવર્સિટીઓએ ડૉક્ટરલ અભ્યાસક્રમોને મોટા પ્રમાણમાં વિસ્તૃત કર્યા છે. ઉચ્ચ શિક્ષણના સર્વે AISHE (All India Survey on Higher Education) અનુસાર દેશમાં દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને પીએચડી એનાયત કરવામાં આવે છે. AISHE ૨૦૨૦-૨૧ના આંકડા મુજબ સમગ્ર ભારતમાં લગભગ ૨૫,૫૫૦ વિદ્યાર્થીઓને પીએચડી ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. તેમાં વિજ્ઞાન અને ઈજનેરી ક્ષેત્રમાં સૌથી વધુ સંશોધન નોંધાયું હતું. ગુજરાત પણ આ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ગુજરાતની સરકારી, ખાનગી અને સ્વાયત્ત યુનિવર્સિટીઓમાં પીએચડી અભ્યાસ ક્રમોનો વ્યાપ સતત વધી રહ્યો છે.

પરંતુ અહીં પ્રશ્ન માત્ર સંખ્યાનો નથી; પ્રશ્ન ગુણવત્તાનો છે. આજે દેશમાં અનેક પીએચડી થિસિસ એવા છે જેનો વાસ્તવિક જીવન સાથે બહુ ઓછો સંબંધ હોય છે. અનેક સંશોધનો પુસ્તકાલયોના શેલ્ફ સુધી મર્યાદિત રહી જાય છે. સમાજને કોઈ ઉપયોગી ઉકેલ મળે નહીં, ઉદ્યોગોને નવી ટેકનોલોજી ન મળે અને નીતિનિર્માણમાં પણ તેનો કોઈ અસરકારક ઉપયોગ ન થાય તો એવું સંશોધન માત્ર ઔપચારિક પ્રક્રિયા બની જાય છે. અનેક શિક્ષણવિદો માને છે કે ભારતમાં પીએચડીનો મોટો ભાગ હજુ પણ ''થિસિસ લખો અને ડિગ્રી મેળવો'' મોડેલમાં અટવાયેલો છે. આજના સમયમાં દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence), મશીન લર્નિંગ, ક્લાઈમેટ ચેન્જ, બાયોટેકનોલોજી, જાહેર આરોગ્ય, ડેટા સાયન્સ અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રોમાં સંશોધન વૈશ્વિક વિકાસનું કેન્દ્ર બન્યું છે. આવા સમયમાં સંશોધનને આંતરવિષયક બનાવવાની જરૂર છે. પરંતુ ભારતની ઘણી યુનિવર્સિટીઓ હજુ પણ જૂની પદ્ધતિઓમાં બંધાયેલી છે. વિદ્યાર્થીઓને નવીનતા કરતાં સિદ્ધાંત પર વધુ ભાર મૂકવામાં આવે છે. સંશોધનના વિષયો પણ ઘણીવાર જૂના અથવા પુનરાવર્તિત હોય છે. પરિણામે પીએચડીનો મૂળ હેતુ –નવી શોધ અને જ્ઞાનમાં યોગદાન–ધીમે ધીમે નબળો પડી રહ્યો છે.

ભારતમાં એક મોટો પ્રશ્ન માર્ગદર્શનની ગુણવત્તાનો પણ છે. ઘણા માર્ગદર્શકો પાસે વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ વધારે હોય છે. એક જ પ્રોફેસર દસ-પંદર અથવા ક્યારેક તેથી વધુ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે. પરિણામે વ્યક્તિગત ધ્યાન, ઊંડાણભરી ચર્ચા અને પ્રયોગાત્મક માર્ગદર્શનનો અભાવ રહે છે. કેટલાક વિદ્યાર્થીઓ વર્ષો સુધી સંશોધન કરે છે પરંતુ તેમને યોગ્ય દિશા મળતી નથી. સંશોધન માત્ર ઔપચારિકતા બની જાય છે.

સંશોધનમાં નૈતિકતા જાળવવાનો મુદ્દો પણ અત્યંત ગંભીર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં પ્લેજિયરિઝમ, નકલી ડેટા, ખોટા રેફરન્સ અને પેઇડ જર્નલ્સ જેવી સમસ્યાઓ વધી છે. ઘણીવાર વિદ્યાર્થીઓ પર ''પ્રકાશિત કરો નહીં તો પાછળ રહી જશો'' જેવા દબાણો રહે છે. પરિણામે ગુણવત્તા કરતાં માત્ર સંખ્યા પર ભાર મૂકાય છે. અનેક નકલી જર્નલો પૈસા લઈને સંશોધનપત્રો પ્રકાશિત કરે છે, જેનાથી સમગ્ર સંશોધન પ્રણાલીની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊભો થાય છે.

આ સમસ્યાઓ વચ્ચે હવે એક નવી અને ગંભીર ચિંતા પણ સામે આવી રહી છે – પીએચડી માટે વધતી જતી ફી અને સંશોધન ખર્ચ. છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક યુનિવર્સિટીઓ અને ખાનગી સંસ્થાઓએ પીએચડી પ્રવેશ, રજિસ્ટ્રેશન, સેમેસ્ટર અને થિસિસ સબમિશનની ફીમાં નોંધપાત્ર વધારો કર્યો છે. અનેક સંશોધકો માટે પીએચડી હવે જ્ઞાનસાધના કરતાં વધુ આર્થિક સંઘર્ષ બની રહી છે. ખાસ કરીને મધ્યમવર્ગીય અને ગ્રામ્ય પૃષ્ઠભૂમિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઊંચી ફી એક મોટું અવરોધ બની રહી છે. ચિંતાજનક બાબત એ છે કે અનેક સંસ્થાઓ ઊંચી ફી વસૂલવા છતાં સંશોધન માટે જરૂરી સાધન સામગ્રી, આધુનિક લેબોરેટરી, સોફ્ટવેર, ડેટાબેઝ, સંશોધન ગ્રાન્ટ અથવા ફિલ્ડવર્ક માટે પૂરતી સુવિધાઓ પૂરી પાડતી નથી. પરિણામે સંશોધકોને પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરીને પ્રયોગો, ડેટા કલેક્શન, પ્રિન્ટિંગ, જર્નલ પ્રકાશન અને ટેકનિકલ સાધનોની વ્યવસ્થા કરવી પડે છે. ઘણીવાર સંશોધક પર આર્થિક બોજો એટલો વધી જાય છે કે તે સંશોધનની ગુણવત્તા પર સીધી અસર કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો આર્થિક મુશ્કેલીઓને કારણે વચ્ચે જ સંશોધન છોડી દેવાની સ્થિતિમાં પહોંચી જાય છે. જો દેશને ખરેખર ગુણવત્તાસભર સંશોધન જોઈએ છે તો પીએચડીને ''મોંઘી ડિગ્રી'' નહીં પરંતુ ''રાષ્ટ્રીય જ્ઞાન રોકાણ'' તરીકે જોવાની જરૂર છે.

ગુજરાતમાં પણ આ પડકારો જોવા મળે છે. રાજ્યની કેટલીક અગ્રણી યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ વિશ્વસ્તરીય કામ કરી રહી છે, પરંતુ સાથે સાથે એવી સંસ્થાઓ પણ છે જ્યાં પીએચડી માત્ર ઔપચારિક ડિગ્રી બની રહી છે. ઘણા વિદ્યાર્થીઓ માટે પીએચડીનો હેતુ નોકરીમાં પ્રમોશન અથવા ''ડોક્ટર'' ટાઈટલ સુધી મર્યાદિત રહી જાય છે. સંશોધનને સમાજ અને ઉદ્યોગ સાથે જોડવાની દિશામાં પૂરતું કામ થયું નથી.

ગુજરાત ઉદ્યોગપ્રધાન રાજ્ય છે. અહીં કેમિકલ, ફાર્મા, ટેક્સટાઈલ, ઓટોમોબાઈલ, ડાયમંડ, કૃષિ અને નવી ઊર્જા ક્ષેત્રમાં વિશાળ સંભાવનાઓ છે. જો રાજ્યની યુનિવર્સિટીઓ અને ઉદ્યોગો વચ્ચે મજબૂત સંકલન ઊભું થાય તો પીએચડી સંશોધન સીધું વિકાસ સાથે જોડાઈ શકે. ઉદાહરણ તરીકે, કૃષિમાં પાણી બચત ટેકનોલોજી, રિન્યૂએબલ એનર્જી, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અથવા આરોગ્ય ક્ષેત્રમાં સંશોધન ગુજરાત માટે વૈશ્વિક મોડેલ બની શકે છે. પરંતુ તે માટે શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે જીવંત સહકાર જરૂરી છે.

વિશ્વના વિકસિત દેશોમાં પીએચડી માત્ર શૈક્ષણિક અભ્યાસ નથી; તે નવીનતા અને અર્થતંત્રનું એન્જિન છે. અમેરિકાની યુનિવર્સિટીઓમાં સંશોધન સીધું સ્ટાર્ટઅપ્સ અને ટેક કંપનીઓ સાથે જોડાય છે. જર્મનીમાં ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ મોડેલ સફળ છે. દક્ષિણ કોરિયાએ સંશોધન આધારિત વિકાસથી પોતાની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી છે. ભારત અને ગુજરાત માટે પણ હવે એવો જ માર્ગ અપનાવવો જરૂરી છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦એ સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન જેવી મહત્ત્વપૂર્ણ કલ્પનાઓ રજૂ કરી છે. પરંતુ નીતિ બનાવવી એક બાબત છે અને તેનો અમલ કરવો બીજી. જો યુનિવર્સિટીઓમાં પૂરતું ફંડિંગ, આધુનિક લેબોરેટરી, આંતરરાષ્ટ્રીય સહયોગ,

 ISSN 0976-9609

ગુણવત્તાસભર માર્ગદર્શન અને પારદર્શક મૂલ્યાંકન નહીં હોય તો માત્ર નીતિથી પરિવર્તન આવશે નહીં. પીએચડીમાં પ્રવેશ પ્રક્રિયા વધુ કડક બનાવવાની જરૂર છે. દરેક વિદ્યાર્થી પીએચડી માટે યોગ્ય હોય એવું જરૂરી નથી. સંશોધન માટે ઉત્સુકતા, ધીરજ, તર્કશક્તિ અને સર્જનાત્મકતા જરૂરી છે. તેથી માત્ર ડિગ્રી મેળવવાની ઇચ્છા ધરાવતા નહીં પરંતુ ખરેખર જ્ઞાન-સર્જન માટે પ્રતિબદ્ધ વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળવો જોઈએ.

સાથે સાથે સંશોધકોને પ્રયોગાત્મક અને રોજગારલક્ષી કુશળતાઓ પણ શીખવવી પડશે. આજના સમયમાં માત્ર થિસિસ લખવાથી ચાલતું નથી. ડેટા એનાલિસિસ, ટૅક્નૉલૉજી ઉપયોગ, કમ્યુનિકેશન, પેટન્ટ, સ્ટાર્ટઅપ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ જેવી કુશળતાઓ પણ જરૂરી છે. નહીં તો પીએચડી કર્યા પછી પણ વિદ્યાર્થીઓ બેરોજગારી અને નિરાશાનો સામનો કરે છે.

ભારતમાં આજે મોટી સંખ્યામાં યુવાનો પીએચડી તરફ આગળ વધી રહ્યા છે, પરંતુ જો ગુણવત્તા જાળવવામાં નહીં આવે તો આ ડિગ્રીનું મૂલ્ય ઘટી શકે છે. સમાજમાં પણ એવી માન્યતા ઊભી થઈ રહી છે કે ઘણી પીએચડી માત્ર કાગળ પૂરતી છે. આ સ્થિતિ દેશના જ્ઞાનવિસ્તાર માટે જોખમી છે.

અંતે પ્રશ્ન એ નથી કે પીએચડી બંધ કરવી જોઈએ કે નહીં. પ્રશ્ન એ છે કે પીએચડીને કેવી રીતે વધુ અસરકારક, જવાબદાર અને સમાજલક્ષી બનાવવી. જો સંશોધનને નવી દિશા આપવામાં આવશે, ગુણવત્તા પર ભાર મૂકવામાં આવશે, નૈતિકતા જાળવવામાં આવશે અને ઉદ્યોગ-સમાજ સાથે જીવંત જોડાણ ઊભું કરવામાં આવશે તો પીએચડી ફરીથી ગૌરવ અને વિશ્વાસનું પ્રતીક બની શકે છે. પરંતુ જો વર્તમાન સ્થિતિ જ ચાલુ રહેશે તો ડિગ્રીની સંખ્યા વધશે છતાં જ્ઞાનનું મૂલ્ય ઘટતું જશે.

આજનો સમય સ્પષ્ટ સંદેશ આપે છે - ''સંશોધન માત્ર ડિગ્રી માટે નહીં, પરંતુ દેશના ભવિષ્ય માટે હોવું જોઈએ.'' ભારત અને ગુજરાત બંને માટે હવે પીએચડીમાં ગુણવત્તાસભર સુધારાઓ લાવવાનો સમય આવી ગયો છે. નહીં તો એક દિવસ આવી સ્થિતિ સર્જાઈ શકે કે ડોક્ટરલ ડિગ્રી તો બહુ હશે, પરંતુ સાચા અર્થમાં સંશોધક ખૂબ ઓછા રહેશે.

---

અધ્યાપક,
બી એન્ડ બી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટૅકનૉલૉજી,
વલ્લભ વિદ્યાનગર

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

### આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (GIA)નું ટેલેન્ટ સર્ચ ટેસ્ટમાં ૧૦૦ ટકા પરિણામ

વલ્લભ વિદ્યાનગર સ્થિત આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ (GIA)માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન યોજાયેલી ટેલેન્ટ સર્ચ ટેસ્ટ (પ્રખરતા શોધ કસોટી)માં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. ધોરણ ૯ના કુલ ૩૫ વિદ્યાર્થીઓએ આ કસોટીમાં ભાગ લીધો હતો અને તમામ વિદ્યાર્થીઓ સફળ થતાં શાળાનું ૧૦૦ ટકા પરિણામ નોંધાયું છે. વિશેષ ગૌરવની બાબત એ છે કે ભાગ લેનાર ૩૫ વિદ્યાર્થીઓમાંથી ૭ વિદ્યાર્થીઓએ એ/૧ ગ્રેડ પ્રાપ્ત કરીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. ટેલેન્ટ સર્ચ ટેસ્ટના કો-ઓર્ડિનેટર કુમારી ઋતિકાબેન પટેલે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરીને કસોટીમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી, શિક્ષકમંડળ તથા વાલીઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ સફળતા પાછળ વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને વાલીઓનો સહકાર મહત્વપૂર્ણ રહ્યો હોવાનું શાળા પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

**સી.વી.એમ.મહિલા આઈ.ટી.આઈ.દ્વારા આયોજિત કૌશલ્ય વર્ધક વર્કશોપનો અહેવાલ :** નારી સશક્તિકરણ અને કૌશલ્ય વિકાસના ઉદ્દેશ્ય સાથે ચારુતર વિદ્યામંડળ સંચાલિત ''સી.વી.એમ. મહિલા આઈ.ટી.આઈ.'' દ્વારા તાજેતરમાં બે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓ વેકેશનના સમયનો સદુપયોગ કરી પોતાનામાં નવી સ્કિલ્સ વિકસાવી શકે તે માટે આ વિશેષ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**૧. સમર સ્કિલ વર્કશોપ (મે-૨૦૨૬) :** સંસ્થા દ્વારા ૪ મે થી ૧૬ મે ૨૦૨૬ દરમિયાન (૧૫ દિવસ માટે) ધોરણ-૮ અને તેથી ઉપર અભ્યાસ કરતી શાળાની વિદ્યાર્થિનીઓ માટે એક ખાસ 'સમર સ્કિલ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વેકેશનના સમયમાં યુવતીઓ સમયનો સદુપયોગ કરી સ્કિલ શીખે તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો. આ વર્કશોપમાં કોસ્મેટોલોજી ટ્રેડ અંતર્ગત બ્યુટી અને સ્કીન કેરની પાયાની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ગો. જો. શારદા મંદિર સ્કૂલ, એસ.ડી.દેસાઈ સ્કૂલ અને હોમ સાયન્સ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહભેર અને મોટી સંખ્યામાં ભાગ લઈને આ તાલીમ નો શ્રેષ્ઠ લાભ ઉઠાવ્યો હતો.

**૨. બ્રાઈડલ મેકઅપ વર્કશોપ (જૂન-૨૦૨૬) :** સંસ્થાના કોસ્મેટોલોજી ટ્રેડની તાલીમાર્થીઓને વ્યાવસાયિક અને પ્રાયોગિક જ્ઞાન (Real Practical Knowledge) મળી રહે તે હેતુથી જૂન મહિનામાં એક એડવાન્સ 'બ્રાઈડલ મેકઅપ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મુખ્ય વક્તા અને નિષ્ણાત તરીકે ''જિયાંશી ફાઉન્ડેશન''ના સ્થાપક સંગીતાબેન પટેલ તથા જાણીતા બ્યુટિશિયન એક્સપર્ટ તસ્લીમ બરફવાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તાલીમાર્થીઓને ઉનાળાની ઋતુ અનુરૂપ બ્રાઈડલ મેકઅપ, પ્રોફેશનલ મેકઅપ તેમજ અલગ-અલગ સ્કીન ટોન મુજબ કઈ રીતે યોગ્ય મેકઅપ કરવો તેનું જીવંત અને સચોટ પ્રેક્ટિકલ જ્ઞાન આપ્યું હતું.

બંને કાર્યક્રમોની સફળતા બદલ ચારુતર વિદ્યામંડળના માનદમંત્રીશ્રી સેક્રેટરી ડૉ. એસ.જી.પટેલ સાહેબે સંસ્થાના આચાર્ય, ટ્રેડ ઇન્સ્ટ્રક્ટર શ્રીમતી તૃષ્ણાબેન પટેલ અને સ્ટાફ મિત્રોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવા રોજગારલક્ષી કાર્યક્રમો યોજવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

**આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (GIA) માં રિન્યુએબલ એનર્જી વિષયક ક્વિઝ સ્પર્ધાનું આયોજન** : વલ્લભ વિદ્યાનગર સ્થિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ સેક્શન)માં તા. ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ સ્પેરી સંસ્થા દ્વારા રિન્યુએબલ એનર્જી વિષયક ક્વિઝ કોમ્પિટિશનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક જાગૃતિ અને ઊર્જા સંરક્ષણ અંગેની સમજ વિકસે તે હેતુથી આ સ્પર્ધા યોજાઈ હતી.

સ્પર્ધામાં શાળાના કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ક્વિઝનો મુખ્ય વિષય રિન્યુએબલ એનર્જી રાખવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ સોલર એનર્જી, વિન્ડ એનર્જી, બાયો એનર્જી તેમજ અન્ય પરંપરાગત અને બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતો સંબંધિત પ્રશ્નોના જવાબો આપી પોતાની જ્ઞાનક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.

સ્પેરી સંસ્થાના શ્રદ્ધાબેન પંડ્યાએ સમગ્ર ક્વિઝનું આયોજન અને સંચાલન કર્યું હતું. શાળાની વિજ્ઞાન શિક્ષિકાઓ શ્રીમતી રેખાબેન સાધુ, શ્રીમતી ભાવનાબેન દલવાડી તથા કુમારી ઋત્વિકાબેન પટેલે વિદ્યાર્થીઓને સ્પર્ધા માટે પ્રોત્સાહિત કર્યા હતા તેમજ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતોના મહત્વ અંગે સમજ વિકસાવવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. કાર્યક્રમની સફળતા બદલ શાળા પરિવાર દ્વારા સ્પેરી સંસ્થાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.


ISSN 0976-9609

# પૂજ્ય ભાઈકાકાની ૧૩૮મી જન્મજયંતિ વરસ નિમિત્તે આનંદપર્વ ઉત્સવમાં મેયર દીપિકાબેન પટેલનું અભિવાદન, સ્વિવિધ ક્ષેત્રના વિરલ વ્યક્તિત્વોનું સન્માન




આનંદપર્વ અંતર્ગત વલ્લભ વિદ્યાનગરના સ્થાપક વિશ્વકર્મા, શિક્ષણદ્રષ્ટા અને દ્રષ્ટાવાન નેતા પૂજ્ય ભાઈકાકાની ૧૩૮મી જન્મજયંતિ વરસ નિમિત્તે આણંદ-કરમસદ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દીપિકાબેન પટેલના અભિવાદન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વરિષ્ઠ નાગરિકો, સ્વાસ્થ્યપ્રેમી ભાઈ-બહેનો, સામાજિક આગેવાનો તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો હતો. ત્યારબાદ મેયર શ્રીમતી દીપિકાબેન પટેલ, શ્રી કિરણભાઈ પટેલ, ડૉ. અજયસિંહ ચૌહાણ, ડૉ. એકતા શાહ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી સર્વદમનભાઈ પટેલ, કુમારી પ્રાપ્તિ મહેતા, શ્રી કનુ પટેલ સહિતના મહાનુભાવોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિરલ વ્યક્તિત્વોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમાં ડૉ. કે. ડી. બાલચંદાની, શ્રી નિર્મલભાઈ ઠક્કર, શ્રી દશરથભાઈ પટેલ (સમર્થ ડાયમંડ), શ્રી ગોપાલભાઈ શાહ, શ્રી હસમુખભાઈ આર. પટેલ, શ્રી કિશનભાઈ પ્રજાપતિ, શ્રી એસ. સી. પટેલ, શ્રી બંકિમભાઈ ચોકસી, શ્રી ભુપેન્દ્રભાઈ (કલાપી સિલ્ક પેલેસ), શ્રી સંજયભાઈ પટેલ, ડૉ. દિલીપભાઈ પટેલ, શ્રી અક્ષયભાઈ પટેલ, શ્રી યુ.પી. પટેલ, શ્રી ધર્મેશકુમાર પટેલ, શ્રી રાકેશભાઈ સોની તથા શ્રી સમીરભાઈ સહિતના આગેવાનોને મેયર શ્રીમતી દીપિકાબેન પટેલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

વક્તવ્ય સત્રમાં ડૉ. અજયસિંહ ચૌહાણે 'પૂજ્ય ભાઈકાકા કોઠાસૂઝથી કુશળ નેતૃત્વ' વિષય પર પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ નાસા (યુ.એસ.એ.) સાથે સંકળાયેલા ઇન્ટરનેશનલ સ્પેસ એસ્ટ્રોફિઝિસિસ્ટ ડૉ. એકતા શાહે ''આણંદથી બ્રહ્માંડ સુધી બાળપણની અદભુત સફર'' વિષય પર પોતાના જીવનપ્રવાસ અને વૈજ્ઞાનિક અનુભવો રજૂ કરતાં ઉપસ્થિતોને પ્રેરિત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપનારી પ્રતિભાઓને બિરદાવવાનો ભાવ સ્પષ્ટપણે વ્યક્ત થયો હતો. ઉપસ્થિતોએ કાર્યક્રમને અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો હતો. ૨૧મી જૂન એ યોગ દિવસની સાથે સાથે ફાધર્સ ડે પણ હતો ઐક્ય દ્વારા ત્રીજા વર્ષે ત્રીજા પુષ્પમાં પૂજ્ય ભાઈ કાકા કે જેવો વલ્લભ વિદ્યાનગરના પિતામહ કહેવાય તેમને આદરપૂર્વક યાદ કરી તેમની વિશે વ્યાખ્યાન દ્વારા પુષ્પાંજલી, શબ્દાંજલી અને સ્મરણાંજલિ સી.એમ. પટેલ-નાના બજાર, ઐક્ય દ્વારા અર્પણ કરવામાં આવી ઉલ્લેખનીય છે કે સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના અને આયોજનનો વિચાર સમાજસેવક શ્રી ચંદ્રકાંતભાઈ પટેલનો હતો. તેમના માર્ગદર્શન અને સંકલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમે સમાજમાં સેવા, સન્માન અને સંસ્કારનો સુંદર સંદેશ પ્રસરાવ્યો હતો.

ऐक्यं - ના સતત ત્રીજા વર્ષના ત્રીજા પુષ્પની ઉજવણી આનંદપર્વ થકી - કાઠિયાવાડી વાળું (ડીનર) સાથે આનંદપૂર્વક સહુએ માણી સી. એમ. પટેલ, નાના બજાર, વિદ્યાનગર

## ॥ સૂચના ॥

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. |વિ| માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. |વિ| માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.

**ડૉ. ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ** (N.V.P.A.S.), **વલ્લભ વિદ્યાનગર**

**ઈ-મેઈલ** : editor.vidyanagar@gmail.com.

**લવાજમ**

| | |
|---|---|
| **વાર્ષિક** | : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |

 ISSN 0976-9609

# ઓર્લેન્ડો FOGA કન્વેન્શનમાં BAPS સંસ્થા દ્વારા ચેરિટી પ્રદર્શન યોજાયું.




અમેરિકા ફ્લોરિડામાં ઓર્લેન્ડો ખાતે ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા દ્વારા આયોજિત ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિયેશન (FOGA) ના અધિવેશન દરમિયાન BAPS સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઉત્કૃષ્ટ ચેરિટી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ પ્રસંગે BAPS યુએસએના રિઝનલ કો-ઓર્ડિનેટર અને પબ્લિક રિલેશન્સ હેડ ભાવેશ પટેલે સંસ્થા દ્વારા ચાલતી વિવિધ માનવતાવાદી પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ અને ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ, અને આણંદના જે. ડી. બિલ્ડર્સના ધર્મેન્દ્રભાઈ જે. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સંસ્થાની કામગીરીને બિરદાવી હતી.

BOOK POST
July 2026

V-Vidyanagar 28 (7)
Published on 10/7/2026
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**Bibha Chowdhuri**



**(3rd July 1913 To 2nd June 1991)**

Bibha Chowdhuri was an Indian particle physicist known for her investigations into cosmic rays. Working with D. M. Bose, she was the first to discover the Meson and prove Hideki Yukawa's Meson theory. (Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )